
**તીર્થધામ મહુવા**
**ઐતિહાસિક દર્શન**
**વિશેષાંક**

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

માર્ચ - ૨૦૧૭ ❖ બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના પુનિત પદારવિંદથી પાવન થયેલ અને
પવિત્ર માલણ નદીને કાંઠે વસેલું પૌરાણિક અને ઐતિહાસિક સૌરાષ્ટ્રનું
કાશ્મીર **મહુવા** શહેરમાં અક્ષરધામરૂપ નવનિર્માણ સૂચિત

## શિખરબધ્ધ
## શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર









ઝાડેશ્વર-ભરુચ ખાતે શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં તથા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના માર્ગદર્શન પ્રમાણે અખિલ ભારતીય શ્રી લક્ષ્મીનારાયણ યુવક મંડળ દ્વારા યોજાયેલ 'યુવા ઉત્કર્ષ મહોત્સવ' (તા. ૧૭ થી ૧૯-૨-૨૦૧૭)








સુરત શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના દિવ્ય સાન્નિધ્યમાં તથા વડતાલ, ગઢડા, જૂનાગઢ, સરધાર, બગસરા વગેરે અનેક ધામોધામથી પધારેલ પૂ. સંતો તેમજ હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયેલ 'ભવ્ય શાકોત્સવ' (૨૧-૨-૨૦૧૭)



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ : ૫, અંક : ૦૨, તા. ૨૦-૦૩-૧૭

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન-વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી ::

સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::

સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

:: સંકલન ::

સાધુ અમૃતસ્વરૂપદાસજી

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: લવાજમ દર ::

બે વર્ષ : રૂા. ૧૬૦/-, પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-

પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-

પરદેશમાં લવાજમ : $ 260 (યુ.એસ.એ), : £ 175 (યુરોપ)

:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

Visit us : www.sardharkatha.com

www.swaminarayanvadtalgadi.org

E-mail :- chintankaryalay@gmail.com

## અનુક્રમણિકા

૧. તીર્થધામ મહુવા ઐતિહાસિક દર્શન ૦૪

૨. સૌરાષ્ટ્રનું કાશ્મીર મહુવા નગર ૦૫

૩. મહુવા પ્રદેશમાં શ્રી નીલકંઠ વર્ણી સ્વરૂપે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ ૦૬

- ૦૧. કુકડના રાજા ભગવાનસિંહજીનું કલ્યાણ કરતાં મહાપ્રભુ નીલકંઠ વર્ણી...૦૮
- ૦૨. દિયોરમાં નીલકંઠ વર્ણી...૧૧
- ૦૩. લાકડિયા તથા નાના ગોપનાથમાં...૧૩
- ૦૪. પીપરલામાં વર્ણીન્દ્ર નીલકંઠ...૧૩
- ૦૫. તળાજામાં વર્ણીરાજ ભાવિક વણિકની રસોઈ જમ્યા...૧૪
- ૦૬. ગોપનાથમાં મહાપ્રભુ નીલકંઠ વર્ણી...૧૪
- ૦૭. ઝાંઝમેરમાં...૧૭
- ૦૮. કળસાર થઈને વર્ણીરાજ કતપરમાં...૧૭
- ૦૯. માણીગર માવ વર્ણીરાજ નીલકંઠ મહાપ્રભુ મહુવામાં...૧૯
- ૧૦. પીપાવાવમાં...૨૧
- ૧૧. વાવેરા, રાજુલા, વડગામ, રામપર, કોંવૈયા વગેરે ગામોને તીર્થત્વ આપ્યું...૨૩
- ૧૨. સીમર ગામના લોભી વણિકનું કલ્યાણ કરતા નીલકંઠ વર્ણી...૨૪

૪. સત્સંગ સમાચાર પત્રિકા ૨૫

હમારા લક્ષ્ય - વિશ્વ का कल्याण हो... www.lakshya.tv

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય અમૃતવાણી
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે સત્સંગ કથા પારાયણ
સમય : દરરોજ રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે સત્સંગ કથામૃત
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦

છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦

# તીર્થધામ મહુવા ઐતિહાસિક દર્શન

શ્રીરામ ચરિત્ર માનસમાં કહ્યું છે : **'જાને બિનુ ન હોઈ પરતીતિ, બિનુ પરતીતિ હોય નહિ પ્રીતિ.'** કોઈપણ વ્યક્તિ, વસ્તુ કે સ્થાનને જાણ્યા વિના એમાં **વિશ્વાસ** કે **પ્રીતિ** ન થાય અને વિશ્વાસ વિના એમાં પ્રેમ થતો નથી. ઘણીવાર કોઈ એક સ્થાનમાં રહ્યા પછી પણ એ સ્થાનનું મૂલ્યાંકન થતું નથી અને ઘણીવાર ક્ષણિક થયેલો ભૂમિનો યોગ **મૂલ્યાંકન**ની સીમાઓ તોડી **અનમોલ યોગ** સમાન સિદ્ધ થઈ જતો હોય છે.

જે સ્થાનમાં આપણે વસીએ છીએ એ સ્થાનનો પરિચય તેમજ મહિમાનું **જ્ઞાન** હોવું આપણી **નૈતિક ફરજ** બની જતી હોય છે. કોઈપણ સ્થાન મહિમાવંત બને એની પાછળ ઘણા ઘણા શૂરવીરતા, પરાક્રમ, પુરુષાર્થ, સેવા પરાયણતા, સમર્પણતા, ધાર્મિકતા તેમજ બલિદાનના સદ્‌ગુણયુક્ત ઈતિહાસો **કારણભૂત** હોય છે.

ઉપસ્થિત મહુવા નગરનો ઈતિહાસ પણ આપણને એ દિવ્યતાની મહેકથી સુવાસિત કરે છે. આ લેખમાળામાં મહુવા નગર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં થયેલ ઈતિહાસગાથાઓનો ચિતાર સ્મરણાંજલિ રૂપે દર્શાવવામાં આવ્યો છે. જેમાં મોટા મોટા રાજા-મહારાજાઓ દ્વારા થયેલ રક્ષણ, ભક્તો દ્વારા થયેલ ભક્તિમય સદ્‌ચરિત્ર કથાઓ, સંતો દ્વારા થયેલ ધર્મજતનના કાર્યો, ઉદ્યોગપતિઓ તથા નૈતિક રાજકીય પુરુષો દ્વારા થયેલ નગર વિકાસ યોજનાઓ, સમાજ સેવકો દ્વારા થયેલ સામાજિક સેવાઓ, સાક્ષર જગત દ્વારા થયેલ શિક્ષણ વિકાસના કાર્યો, પર્યટન માટે સામાજિક તેમજ આધ્યાત્મિક સ્થાનોનો **શુચિ સમન્વય** તથા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ દ્વારા થયેલ અનેકવિધ કલ્યાણકારી નિત્ય-નવીન **લીલાઓ**નો અહેવાલ **દષ્ટિગોચર** કરવામાં આવ્યો છે. કહેવાય છે કે સ્થાનને લઈ **વ્યક્તિ** મહાન બને છે તો ક્યારેક વ્યક્તિને લઈ **સ્થાન** મહાન બને છે. આ બંને વાતનો **સુભગ સમન્વય** આપણને મહુવા નગરમાં જોવા મળે છે.

જે ભૂમિની રજકણમાં તાકાત હોય એ ભૂમિ **તીર્થ**ને **જન્મ** આપે છે. મહુવાની ધરાની રજમાં એ **શક્તિ**ની **અભિવ્યક્તિ** નજરગોચર અવશ્ય થાય છે. સંત-શૂરા અને સદ્ધર્મરક્ષક રાજા-મહારાજાઓને ઉપજાવનારી આ મહુવા નગરની ધરણી સૌરાષ્ટ્રનું **અણમોલ ઘરેણું** બનીને બેઠી છે. છેલ્લી અનેક સદીઓની **સ્મૃતિમાળા**ને ધારણ કરીને બેઠેલી આ મહુવાની ધરતી ત્યાગ, તપ, સેવા, શૌર્ય, શૂરવીરતા, ધૈર્ય, સમર્પણ, ધર્મ-કર્મ અને સુચારુ સદ્‌વિકાસની **સાક્ષીરૂપ** બની છે. એ જ સાક્ષીભાવનું **દર્શન** આ લેખમાળામાં અમારા ગુરુબંધુ **સ્વામી અમૃતસ્વરૂપદાસજી** તથા **પાર્ષદ રજની ભગત** દ્વારા કરવામાં આવ્યું છે.

તો આવો... પ્રસ્તુત લેખમાળાના **માધ્યમ**થી માણીએ મહુવા નગરની **ધમધમતી** ઈતિહાસ ગૌરવગાથા, પૌરાણિક અમરગાથા, સમાજ વ્યવસ્થાની વિકાસગાથા, ભક્ત-ભગવંતની ચરિત્રગાથા, ગ્રામ્યવિસ્તારની સંસ્કૃતિગાથા, રાજા-રજવાડાની રાજગાથા તેમજ ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોથી અંકિત **મહાભાગ્યવંતી** મહુવા **વસુંધરા**ની ભાવગાથા..

ખૂબજ પ્રયત્ન કરીને સંપ્રદાયના પ્રમાણભૂત શાસ્ત્રોમાંથી તથા અન્ય ઈતિહાસોમાંથી ઉપરોક્ત બધા જ વિષયોનું તેમજ મહુવા પ્રદેશના ઘણા વિષયોનું સંદોહન કર્યું છે. અને અભણ પણ સમજી શકે એટલી સરળ અને વિદ્વાનોને પણ આનંદ થાય એવી રસપ્રદ શૈલીમાં આ **'તીર્થધામ મહુવા ઐતિહાસિક દર્શન'** નામની **લેખમાળા** તૈયાર કરી છે.

**લી. શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર સત્સંગ સમાજ**
વતી
**કો. પા. સાગર ભગત** તથા **પાર્ષદ જનમંગલ ભગત**ના
ખૂબજ હેતપૂર્વક **જય શ્રી સ્વામિનારાયણ**

પવિત્ર માલણ નદીને કાંઠે વસેલું પૌરાણિક અને ઐતિહાસિક

# સૌરાષ્ટ્રનું કાશ્મીર મહુવા નગર

કાઠિયાવાડના દક્ષિણ કાંઠા ઉપર જૂના સમયમાં વાળાક નામે જાણીતા પંથકમાં **મહુવા શહેર** આવેલું છે. જમાદાર કેરીના આંબા, કેળા, ચીકુ ઝાડની લીલીછમ વાડીઓથી ઘેરાયેલું દખણાદા દરિયા પરથી આવતા શીળા વાયરાના વીંઝણા ઝીલતા મહુવાને **'સૌરાષ્ટ્રનું કાશ્મીર'** તરીકેની અપાયેલી ઓળખ યથાર્થ હતી. માલણ નદીના બંને કાંઠે આંકડા ભીડીને સખીઓની જેમ હારબંધ ઊભેલી નાળિયેરીઓ કેરળની યાદ અપાવે તેમ શોભે છે. કાઠિયાવાડનો ગોહિલવાડ વિભાગ મુખ્યત્વે ભાવનગર રાજ્યનો બનેલો છે અને તેમાં ભાવનગરને બાદ કરતા મહુવા ગામમાં **મોટું બંદર** હતું.

પૂર્વ તરફ ગામને પાદર વાડીઓથી છવાયેલા રેતાળ કાંઠાઓ વચ્ચે થઈને સરી જતી માલણ નદી, લીલીછમ નાળિયેરીની વાડીઓ, ગામથી ત્રણેક માઈલ દૂર આવેલું મા ભવાનીનું મંદિર - આ બધા મહુવા શહેરના **નયનરમ્ય દશ્યો** છે.


એક એવો પણ મત છે કે, મહુવા એ પ્રાચીન મધુમતી અને મહુવાથી દોઢ કોશ દૂર દરિયાકાંઠે આવેલું ખારવાઓનું ગામ **'કતપર'** - એ વિદર્ભ દેશની કનકાવતીનગરી. **રુક્મિણી**ના પિતા **ભીષ્મક રાજા**ની રાજધાની. આ ગામમાં જ **ભવાની માતા**ના મંદિરથી ભગવાન શ્રીકૃષ્ણે રુક્મિણીનું હરણ કર્યું હતું.

ઈતિહાસમાં મહુવા વિષે **ઉલ્લેખ** મળે છે કે, ઈ.સ. ૧લી સદી જેટલું પ્રાચીન હોવાનું પુરવાર થાય છે. કાઠિયાવાડમાં આવેલા શેત્રુંજય તીર્થનો જીર્ણોદ્ધાર વિ.સં. એકસો આઠમાં જાવડી શેઠે કર્યો હોવાનું મનાય છે. આ જાવડી શેઠ મધુમતી (મહુવા)ના હતા.

મહુવાની પ્રાચીનતાનો એક **પુરાવો** એ પણ મળે છે કે, મહુવાથી ૪ કી.મી. દૂર આવેલા મા ભવાનીના મંદિરની આસપાસની રેતમાંથી કેટલાક પ્રાચીન **અવશેષો** મળે છે. તેને આધારે ગુપ્ત સમયમાં મહુવા સમૃદ્ધ હશે તેમ જાણવા મળે છે. દરિયાકાંઠાની રેતીમાંથી શંખની બંગડીઓના ઘણાય ટુકડા મળી આવે છે, તે ઉપરાંત કાંઠાની ભેખડો ઘસાઈને તેમાંથી કોઠા કે કૂવા જેવા ચણતરનું **બાંધકામ** બહાર નીકળી આવેલું. તેમાં વપરાયેલી ઈંટો ૧૮x૧૦x૩ ઈંચના માપની હતી. વિ.સં. ૧૫૦૦ની સાલમાં એક **સંસ્કૃત લેખ** મળી આવેલો છે. જે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરમાં લગાડેલો છે. આ લેખમાં મહુવા **'યુગે યુગે ભિન્ન ભિન્ન'** નામે ઓળખાતું એમ જણાવ્યું છે. જેમ કે - સતયુગમાં **'ધર્મારણ્ય'**, ત્રેતાયુગમાં **'સત્ય મંદિર'**, દ્વાપરયુગમાં **'વેદભુવન'** અને કળિયુગમાં **'મોહેરક'** અથવા **'મહુવા'**ના નામથી ઓળખાય છે.

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ, આચાર્ય મહારાજશ્રી તથા નંદસંતો, શ્રીજીસમકાલીન ભક્તોના પદરજથી પાવન થયેલ આ ઐતિહાસિક અને પૌરાણિક મધુમતીની સંસ્કારી ભૂમિમાં સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે મહુવા વિસ્તારના ભક્તજનોના સહિયારા પુરુષાર્થથી **ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજ**ના તાબાના **નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર**ના નિર્માણકાર્યાર્થે **સં. ૨૦૭૩ ચૈત્ર વદ - ૧, તા. ૧૨-૪-૨૦૧૭, બુધવાર થી સં. ૨૦૭૩ ચૈત્ર વદ - ૭, તા. ૧૮-૪-૨૦૧૭, મંગળવાર** સુધી ભવ્ય **'સત્સંગ અભ્યુદય મહોત્સવ'**નું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે આ **'ચિંતન'** અંકના માધ્યમથી ગોહિલવાડની પુણ્યશાળી ધરા મહુવાના **દિવ્ય પ્રસંગો** અને **ઈતિહાસ**ને માણીએ.

**સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ રજની ભગત**
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



# મહુવા પ્રદેશમાં શ્રી નીલકંઠ વર્ણી સ્વરૂપે

## સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ

સર્વાવતારી ભગવાન **શ્રી સ્વામિનારાયણ,** નીલકંઠ વર્ણી સ્વરૂપે ૧૮ વર્ષની ઉંમરે સં. ૧૮૫૫, સને ૧૭૯૯માં **સૌપ્રથમ** મહુવા શહેરમાં પધાર્યા હતા.

સમગ્ર વિશ્વની પ્રજા દુઃખથી પીડાતી. પુનઃ પુનઃ આવા પાપાચારથી સ્વયં પૃથ્વી પણ **ત્રાહિમામ્ ત્રાહિમામ્** પોકારી ગઈ. એવા સમયે યુગો પહેલા અનેક શાસ્ત્રોના માધ્યમથી આ બ્રહ્માંડના જીવાત્માઓને પરબ્રહ્મ પરમાત્માએ જે વચન આપ્યું હતું કે, કળિયુગમાં હું **સ્વયં** જન્મ ધારણ કરીને અનેક જીવાત્માઓને મારું **સ્વરૂપજ્ઞાન** કરાવીશ અને **આત્યંતિક કલ્યાણ** કરીશ. તે વચનને સત્ય કરવા માટે યોગ્ય સમય જાણી, બદ્રિકાશ્રમમાં દુર્વાસામુનિના શાપને નિમિત્ત બનાવી સં. ૧૮૩૭ ચૈત્ર સુદ - ૯ને દિવસે ઉત્તર કોશલ દેશ (ઉત્તર પ્રદેશ)માં અયોધ્યાથી ૩૦ કી.મી. દૂર નાનકડા એવા **છપૈયા** ગામમાં અતિ પવિત્ર, ધર્મનિષ્ઠ સરવરિયા બ્રાહ્મણ ધર્મદેવ અને ભક્તિદેવી થકી સ્વયં સર્વનિયંતા, સર્વકારણ, સર્વાવતારી અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ આ ભૂમંડળ પર **પ્રાગટ્ય** પામ્યા.

બાળપ્રભુ શ્રી ઘનશ્યામે છઠ્ઠીના દિવસે કાલીદત્ત દ્વારા મોકલાયેલ અસંખ્ય કોટરાઓને હનુમાનજી દ્વારા નાશ કર્યો. ત્રણ વર્ષ સુધી છપૈયામાં અનેક **બાળચરિત્રો** કરી, કાલીદત્તનો વધ કરી, માતા-પિતા અને મોટાભાઈ રામપ્રતાપજીની સાથે અયોધ્યામાં પધાર્યા. અયોધ્યામાં પણ અનેક બાળલીલાઓ કરી. ૭ વર્ષની ઉંમરે **યજ્ઞોપવીત** ધારણ કરી. ૮ વર્ષની ઉંમરે પિતા ધર્મદેવની પાસેથી જ વેદ, ઉપનિષદ, ન્યાય-મીમાંસા, ભાગવત, રામાયણ, મહાભારતાદિક સર્વ શાસ્ત્રોનો **તલસ્પર્શી અભ્યાસ** પૂરો કરી દીધો. ગુણગ્રાહી બાળપ્રભુએ **શાસ્ત્રઅધ્યયન** પછી મહાભારતમાંથી વિષ્ણુસહસ્રનામ, વિદુરનીતિ અને ભગવદ્ ગીતા, સ્કંદપુરાણમાંથી વાસુદેવ માહાત્મ્ય, શ્રીમદ્ ભાગવતમાંથી દશમ અને પંચમ સ્કંધ અને ધર્મશાસ્ત્રોના સારરૂપે યાજ્ઞવલ્ક્ય સ્મૃતિનું આલેખન કરી **સુંદર પુસ્તક** તૈયાર કર્યું. (જે નિરંતર પોતાની પાસે જ રાખ્યું. તે સંપ્રદાયમાં **'ગુટકો'** તરીકે પ્રસિદ્ધ છે) ને દશમે વર્ષે કાશીમાં ભરાયેલી પંડિત પરિષદમાં પ્રકાંડ પંડિતોને તત્ત્વજ્ઞાનની ચર્ચામાં મહાત કરી, **ઝળહળતો વિજય** મેળવી સૌને અચંબામાં મૂકી દીધા!

દિવ્ય ચરિત્ર કરતા બાળપ્રભુ શ્રી ઘનશ્યામે પોતાનો

**અવતાર હેતુ** સિદ્ધ કરવા માટે વનગમન વિષે વિચાર્યું. ભક્તિમાતાને અધ્યાત્મ જ્ઞાન આપીને અક્ષરધામની પ્રાપ્તિ કરાવી. ત્યારપછી ધર્મપિતાને દિવ્ય જ્ઞાન આપીને અક્ષરધામમાં નિવાસ કરાવી દુર્વાસાના શાપથી મુક્ત કર્યા. હવે બાળપ્રભુ શ્રી ઘનશ્યામે વનમાં તપ કરીને શાશ્વત **ધર્મનું સ્થાપન** કરવા માટે ગૃહત્યાગ કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. પોતાના મોટાભાઈ રામપ્રતાપભાઈ તથા ભાભી સુવાસિનીબાઈ તથા નાનાભાઈ ઈચ્છારામને અટૂલા મૂકીને ૧૧ વર્ષની કુમળી વયે **હિમાલયનો માર્ગ** પકડ્યો.

અષાઢ સુદી દશમની વહેલી પ્રભાતે બ્રાહ્મમુહૂર્ત થયું ત્યારે અયોધ્યાના બરહટ્ટા વિસ્તારમાંથી એ ફૂલસમી કોમળકાયા, મેઘની વરસતી ઝડીઓને ખુલ્લા શરીરે ઝીલતી ઉતાવળે સરયૂ તરફ ધસી રહી હતી. કોઈ પોતાનો પીછો ન કરે એટલે એ માસુમ બાળકે સાહસભર્યો રસ્તો લીધો. ગાંડીતૂર બનેલ સરયૂ નદીમાં ઝંપલાવીને એ બાળયોગીએ સમયની રેત પર ડગલાં માંડ્યા. વહેલી સવારે સર્વ વસ્ત્ર-અલંકારો ઉતારી, આચ્છાદન વસ્ત્રે સહિત કૌપીન, મૃગચર્મ, પલાશનો દંડ અને શ્વેત યજ્ઞોપવીત ધારણ કરી. જટા, મુંજની મેખલા, જપમાળા, કમંડલું, પાણી ગાળવા માટે વસ્ત્રનો ટુકડો, શાલિગ્રામ અને પોતાની નિત્યપૂજાના બાલમુકુંદ અને સત્શાસ્ત્રનો ગુટકો એટલી વસ્તુ લઈ પોતાના સંબંધીઓ અને મિત્રોને સૂતા મૂકીને માત્ર ૧૧ વર્ષની વયે ખુલ્લા શરીરે, ખુલ્લાપગે, ન કોઈ સાધન, ન કોઈ સહારો, ન કોઈ ઉષ્માનો આંગરો, ન કોઈ વૃક્ષની છાયા, ન કોઈ આસનની માયા, ન કશું અન્ન, ન કોઈ ફળ, કંઈપણ આશા નહિ ને વનની ગહરી વાટે, અનેક સાધકોને યુગોની સાધનાના ફળરૂપે સ્વદર્શન દેવાને કાજે, તીર્થોને સ્વતીર્થાટનથી મહાતીર્થત્વ અને તારકત્વ દેવાને કાજે ગૃહત્યાગ કરી ચાલી નીકળ્યા. હવે ઘનશ્યામ **નીલકંઠ** બની ગયા.

સં. ૧૮૪૯ અષાઢ સુદ - ૧૦ના અયોધ્યાનો ત્યાગ કરી...અનેક સાધકોને સાધનના ફળરૂપે સ્વદર્શન દેવાને કાજે, ઘણાક દિવસ ફરતા ફરતા.. મહાપ્રભુ નીલકંઠ વર્ણી અયોધ્યા, લોધેશ્વર, જેતપુર, પથેપુર, નૈમિષારણ્ય, સહેજાપુર, બરેલી, હરિદ્વાર, શ્રીપુર, ગુપ્તકાશી, ઉત્તરકાશી, ગુપ્તપ્રયાગ, ગૌરીકુંડ, કેદારનાથ, બદરીનાથ, જોષીમઠ, માના ઘાટી, માનસરોવર, બદરીવન, ગંગોત્રી, લક્ષ્મણપુરા, વંશીપુર, કાલાપર્વત, શ્વેતગિરિ, મુક્તિનાથ, પોખરા, બુટોલપુર, કાઠમંડુ, આદિવારાહ, કામાક્ષી, નવલખા પર્વત, બાલવા કુંડ, કપિલાશ્રમ, ગંગાસાગર, નવદ્વિપ, શાંતિપુર, ભુવનેશ્વર, સાક્ષીગોપાલ, જગન્નાથપુરી, આદિકૂર્મ, પન્નાનરસિંહ, વેંકટાદ્રિ, કાંચીપુરમ્ (વિષ્ણુકાંચી), મન્નારગુડી, શ્રીરંગમ્ (ત્રિચિનાપલ્લી), રામેશ્વરમ્, ધનુષ્યકોટિ, દર્ભશયનમ્, સુંદરરાજ(મદુરાઈ પાસે), ભૂતપુરી, નાંગનેરી(તોતાદ્રિ), કન્યાકુમારી, પદ્મનાભ(ત્રિવેન્દ્રમ્), જનાર્દન, આદિકેશવ, સાક્ષીગોપાલ(ગુરુવાયર), મેલુકોટે, કિષ્કિંધા(હોંસપેટ), પંઢરપુર, પૂણે, બુરહાનપુર, માલેગાંવ, નાસિક, ત્ર્યંબકેશ્વર, સુરત, ભરુચ, વડોદરા, બોચાસણ, વડતાલ,બુધેજ, ગોરાડ, વડગામ, ભડિયાદ, ધોલેરા, ગોરાસા, વાગડ, ખરડ, ઝીંઝર, ભીમનાથ, પોલારપુર થઈને **વલ્લભીપુર** પધાર્યા.

'વળા ગામ ગયા વનમાળી, નાથે પ્રાચીન જગ્યા નિહાળી...' આ **પ્રાચીન સ્થાન** હતું તેથી ત્યાં થોડો સમય રહ્યા. ધૂંધળીમલે દટ્ટન સો પટ્ટન કરી નાખેલી આ નગરીની કાયાપલટ નીલકંઠ મહાપ્રભુએ જોઈ. વલ્લભીપુરમાં જ્યારે બૌદ્ધ ધર્મનું પ્રસારણ હતું, ત્યારે ત્યાં નાથપંથના બાવા **સિદ્ધનાથ** - ધૂંધળીમલ તેના શિષ્ય **શિવનાથ** સાથે આવેલા. શિવનાથને ગામના માણસોએ ભિક્ષા ન આપી, તેને અપમાન માનીને સિદ્ધનાથના વેગનો તમોગુણ ધૂંધવાયો અને ઘડીમાં વલ્લભીપુરને શાપ આપી આખી નગરીને પૃથ્વીના પેટાળમાં સમાવી દીધી. સિદ્ધોના આ અજ્ઞાનથી **વર્ણીન્દ્ર** પ્રભુ હસ્યા. પોતાની કાયાનગરીને તમોગુણના તાપથી સળગતી હોય તેને એ ગુણના વેગમાંથી ઉગારવાને બદલે એ અગ્નિમય તમોગુણનો ઉપયોગ આ સિદ્ધે આ રીતે કર્યો ! સિદ્ધોની સિદ્ધાઈ જ્યાં પોતાના જ અંગત રાગ પોષવા વપરાતી હોય, ત્યારે તેવા સિદ્ધો ભૂમિને ભારરૂપ બને છે. સાચી સિદ્ધિ તો દેહમાં ઘર કરી ગયેલા ગુણના ભાવ ટાળવામાં છે. મહાપ્રભુ વર્ણીન્દ્ર ત્યાંથી તરત જ નીકળી ગયા. વર્ણીરાજ વલ્લભીપુરના વિનાશના વિચારમાં ને વિચારમાં ચાલતાં ચાલતાં **શિહોર** આવી પહોંચ્યા.

અહીં બ્રહ્મકુંડમાં સ્નાન કરવા ગયા, પણ ત્યાં સ્ત્રી-પુરુષોની ગડબડ જોઈને ત્યાંથી નીકળી ગયા. તેની દક્ષિણે આવેલા **ગૌતમકુંડ** તરફ ગયા. અહીં નીલકંઠ વર્ણીએ સ્નાન કર્યું. પછી પોતાનું નિત્યકર્મ ત્યાં જ કરી ત્યાંથી ચાલી **ગૌતમેશ્વર મહાદેવ**ના દર્શન કરી પૂજન-અર્ચન કર્યું. અહીંના પૂજારીએ નીલકંઠ વર્ણીપ્રભુની પ્રતિભાના ઓજસ નિહાળ્યાં અને પ્રભુને જમવા માટે બોલાવ્યા. વર્ણીરાજ પૂજારી સાથે ભોજન જમ્યા. એક રાત્રિ ત્યાં નિવાસ કરી સવારે વર્ણીરાજે ત્યાંથી નીકળી **ભાવનગર** તરફ પ્રયાણ કર્યું.

'ગયા ભાવનગર પરભાત, ભક્ત દેવજીની ધર્મશાળા, રહ્યા ત્યાં જઈ દીનદયાળા...' ભાવનગર શહેરના હાર્દસમાન વડવા વિસ્તારમાં આવેલી દેવજીભક્તની ધર્મશાળાની ડેલીએ આવીને ઊભા રહ્યા. મહાપ્રભુ નીલકંઠ વર્ણીને જોતા જ ત્યાંના મહંત દિગ્મૂઢ થઈ ગયા. મહંત બાવાએ વર્ણીને અતિ પ્રેમથી ધર્મશાળામાં પધરાવીને અન્ન-જળ આપ્યાં. વર્ણીરાજે તેનો **ભાવ** જોઈ તેને **ઉપદેશ** આપ્યો. બાવાજીના અંતરમાં વર્ણીન્દ્રની આ વાત ચોંટી ગઈ.

**'દીધો બાવાજીને ઉપદેશ, તેથી જાણ્યા તેણે પરમેશ;**

**બાવે તો વિનતિ કરી ઘણી, તમે થાઓ આ જગ્યાના ઘણી...'** બાવાજીએ બે હાથ જોડી કહ્યું : ''બ્રહ્મચારીજી ! તમે જો અહીં રહો તો આ જગ્યાના તમને ધણી કરું.'' પરંતુ નીલકંઠ પ્રભુને તો એવી કોઈ ઈચ્છા ન હતી તેથી મહંત બાવાની **ભાવવાણી** સાંભળીને બોલ્યા : ''મહાત્માજી ! આપના અંતરના શુદ્ધભાવની અમો સરાહના કરીએ છીએ, પરંતુ અમો જ્યારે ગૃહત્યાગ કર્યો ત્યારે જ નિર્ધાર કરીને નીકળ્યા છીએ કે કોઈ સ્થાન, મઠ, મંદિર કે જગ્યામાં ક્યાંય પણ વધુ વખત રોકાવું નહિ. તો પછી મહંતાઈની વાત જ ક્યાં રહી ? અને સાંભળો ! અમને તો ભારનામે રૂમાલ પણ રાખવો ગમતો નથી એવી અમારી **સહજ પ્રકૃતિ** છે તો પછી આપની આ ધર્મશાળાની મહંતાઈનો ભાર તો અમે કઈ રીતે વહન કરીએ !! અમને તો રોજ-રોજ અલગ-અલગ ગામોમાં અને જંગલોમાં રહેવું જ ગમે છે માટે અમે અહીં નહિ રોકાઈ શકીએ. માટે ક્ષમા ચાહું છું.''

મહાવિતરાગી મહાપ્રભુ નીલકંઠ વર્ણીરાજે વિનયથી બાવાજીના આગ્રહનો અસ્વીકાર કર્યો. આ જગ્યામાં ત્રણ દિવસ નિવાસ કરીને વર્ણીન્દ્રએ અનેક અભ્યાગતોને **સદાવ્રત** આપ્યું હતું. (ત્રણ દિવસ નિવાસ દરમ્યાન જે ત્રાંબાની વિશાળ ગોળીમાંથી સદાવ્રત આપ્યું હતું તે **પ્રાસાદિક ગોળી** હાલ આ દેવજીભક્તની ધર્મશાળામાં દર્શનાર્થે રાખવામાં આવી છે. હાલમાં આ ભાવનગર શહેરમાં સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તથા વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના શુભ સંકલ્પથી સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે ગોહિલવાડવાસી ભક્તજનોના સહિયારા પુરુષાર્થથી રાજકોટ હાઈવે પર માર્કેટીંગ યાર્ડની સામે જ આવેલી તન-મનને આંદોલિત કરતી નયનરમ્ય જગ્યા પર કલાથી નીતરતું મનોરમ્ય પંચશિખર યુક્ત **ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજ**ના તાબાના **શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર**નું નિર્માણકાર્ય ચાલુ છે. મંદિર **સંપ્રદાય** અને **ગોહિલવાડ-ગુજરાત** અને ભાવનગર **શહેર**ની **શાન** ગણાશે.)

અહીં ત્રણ દિવસ રોકાણ કરીને વર્ણીરાજ ત્યાંથી નીકળી દરિયા પાસે **કોળિયાક**માં આવેલા **નકલંક મહાદેવ**ના સ્થાનમાં પધાર્યા. અહીં યાત્રાનો સમય હતો અને ભાવિકજનો યાત્રા માટે આવતા હતા. તેથી તેમને પોતાના દર્શન થાય, કોઈક મુમુક્ષુને પોતાનું સ્વરૂપ ઓળખાઈ જાય તે નીલકંઠ વર્ણીપ્રભુનો હેતુ હતો. યાત્રિકોમાંથી કોઈએ ભાવે કરીને હાથ જોડ્યા, કોઈએ અન્ન આપ્યું તો કોઈએ અન્ય સેવા કરી. આ રીતે વર્ણીરાજના સ્વરૂપના પ્રભાવથી શુદ્ધ મુમુક્ષુઓ ખેંચાયા. નકલંક મહાદેવના સ્થાનમાં થોડા સમય વિશ્રામ કરી નીલકંઠ વર્ણીએ પોતાની **કલ્યાણયાત્રા** આગળ વધારી **કુકડ તરફ** પ્રયાણ કર્યું.

## કુકડના રાજા ભગવાનસિંહજીનું કલ્યાણ કરતાં મહાપ્રભુ નીલકંઠ વર્ણી...

**'ગયા કુકડ ત્યાંથી કૃપાળ, હતા ભગવાનસિંહ ભૂપાળ.**
**ખોજા જીવો ઠકર કામદાર, બેઠાં બંને તે ડેલી મોઝાર;**
**ઊભા ત્યાં જઈ શ્રીઘનશ્યામ, પૂછ્યું નરપતિએ નામ ઠામ.**
**કહે હરિ ફરતા અમે છૈયે, અનિર્દેશ વિષે અમે રહિયે;**
**જન્મકર્મથી નામ અનંત, ગણતાં કોઈ પામે ન અંત.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૯)

નીલકંઠ વર્ણી અહીં ગામ વચ્ચેથી ચાલ્યા. ગામના દરબારની ડેલી પાસેથી નીકળ્યા. તે સમયે દરબાર **ભગવાનસિંહ** અને તેમના કામદાર ખોજા જીવા ઠક્કર ડેલીએ બેઠા હતા. વર્ણીરાજ થોડો સમય અહીં ઊભા રહ્યા. વર્ણીપ્રભુને જોઈને દરબારને થયું કે કોઈ યાચક હશે, તેથી તેમણે સહેજ મજાકમાં હસતાં હસતાં પૂછ્યું : ''યોગીરાજ ! ક્યે ગામ રે'વું ? શું નામ ? શું જાત ?''

નીલકંઠ વર્ણીએ પોતાની ખુમારીથી **ઉત્તર** આપ્યો : ''અમારો દેશ અનિર્દેશ, જાતિ બ્રહ્મ અને નામ અનંત છે. હું પણ મારા નામ ગણી શકતો નથી.'' એટલું કહીને ત્યાંથી ચાલી નીકળ્યા.

દરબાર ભગવાનસિંહજીને નીલકંઠ વર્ણીરાજની વાણીમાં કાંઈ ગમ ન પડી, પરંતુ તેમનો કામદાર ચતુર હતો. તેણે વિચાર્યું કે આ કોઈ મહાન યોગી હશે, નહિ તો આવી **અગમ વાણી** ન બોલે. તેમણે રાજાને કહ્યું :

**'તે જોગી મોટા જન કોઈ હોય, મોટા વિના એમ કહે ન કોય;**
**કર્યો ન તેનો સતકાર જેહ, ખોયો ખરો લાભ અલભ્ય તેહ.**
**કહે ગૃહસ્થાશ્રમ શાસ્ત્ર એવું, અતિથિને અન્ન સદૈવ દેવું;**
**કદી મહાપુરુષ કોઈ આવે, તો જન્મ મૃત્યુ થકી તે મુકાવે.**
**જો વિપ્ર કે કોઈક ભેખધારી, અન્નાર્થી આવે વળી જે ભિખારી;**
**ગૃહસ્થને ઘેર નિરાશી જાય, સમર્થને તો અતિપાપ થાય.**
**જો સર્વને અન્ન નહીં અપાય, તથાપિ રાખે દિલમાં દયાય;**
**જે દિલથી તો સતકાર દે છે, ગૃહસ્થનો ઉત્તમ ધર્મ એ છે.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૯)

''બાપુ ! માનો ન માનો, પણ એ કોઈ મોટા જોગી હતા. આપણે આદર ન કર્યો તે બહુ ખોટું કર્યું. ગૃહસ્થાશ્રમના ધર્મ પ્રમાણે **અતિથિ**ને હંમેશાં માન આપવું જોઈએ. કદાચ કોઈ દિવસ મહાપુરુષ આવે તો જન્મ-મૃત્યુથી છોડાવે. કોઈ બ્રાહ્મણ કે કોઈ અન્નાર્થી ભિખારી ગૃહસ્થને ઘેરથી નિરાશ જાય તો સમર્થને ઘણું પાપ લાગે છે. બધાને અન્ન ન આપી શકાય તો દિલમાં દયા રાખીને સારી રીતે **આવકાર** તો દેવો, એ



ગૃહસ્થાશ્રમનો **ઉત્તમ ધર્મ** છે.''

દરબાર ભગવાનસિંહજી મુમુક્ષુ હતા. પરંતુ એક ચારણના પ્રસંગથી અંતરમાં કુસંગનો પાશ લાગી ગયો હતો. દરબારે કામદારને કહ્યું : ''જીવા ! તું કે' છે ઈ માળુ ખરુંયે હોય ! આપણે બહુ ભૂલ કરી. પણ હજી યોગીરાજ બહુ આઘે નહિ ગયા હોય. આપણે તેમને પાછા બોલાવીએ.'' રાજાની મતિ હંમેશા દીવાનની સલાહ ઉપર ચાલે. જીવા ઠક્કરની બુદ્ધિમાં પ્રકાશ થયો અને બંને જણા તરત જ ઊપડ્યા.

નીલકંઠ વર્ણીપ્રભુ નદીને કાંઠે આંબાના ઝાડની નીચે મૃગચર્મ પાથરી બિરાજ્યા હતા. પદ્માસન વાળ્યું હતું. દૃષ્ટિ સ્થિર હતી. પાસે તુંબીપાત્ર પડ્યું હતું. સ્વસ્વરૂપના વિચારમાં નિમગ્ન બનેલા વર્ણીને દરબાર ભગવાનસિંહજીનો સ્પર્શ થયો અને તરત જાગ્યા. દરબાર તથા જીવા ઠક્કરે હાથ જોડ્યા. બંને તેમની સામે બેઠા. દરબાર ભગવાનસિંહજીએ કહ્યું : ''વર્ણીરાજ ! અમારે આંગણે આવીને તમે ભૂખ્યા જાઓ તેમાં અમારી શોભા નહિ. આપની અગમ વાણીમાં અમે અબુધ કાંઈ સમજ્યા નહિ. માટે દરબારમાં પધારો અને અમારું અન્ન જમો.''

વર્ણીપ્રભુ જાણતા હતા કે દરબાર ભગવાનસિંહજી **ઉત્તમ ભક્ત** થનારા છે. તેના સુષુપ્ત સંસ્કારને જાગ્રત કરવા જ તેઓ અહીં પધાર્યા હતા. જીવા ઠક્કર પણ **ઉત્તમ સંસ્કારી** હતા. તેથી તેમણે રાજાને ભગવાનની ભેટ કરાવી દીધી. નીલકંઠ વર્ણીએ કહ્યું : ''દરબાર ! તમે સીધું અહી લાવો. અહીં રસોઈ કરીને જમીશ.''

તરત જ દરબારે સીધું મંગાવ્યું. વર્ણીએ રસોઈ કરી. ઠાકોરજીને નૈવેદ્ય ધરાવીને પોતે જમ્યા અને પ્રસાદી રાજાને તથા કામદારને આપી. બંને ભાવપૂર્વક પ્રસાદી જમ્યા. તેમની બુદ્ધિમાંથી જડતા નીકળી ગઈ. અંતરમાં **આનંદ**નો **અનુભવ** થયો.

પછી ભગવાનસિંહજીએ કહ્યું : ''વર્ણીજી ! મારા દરબારને પાવન કરો.'' ત્યારે વર્ણીરાજ પ્રભુએ કહ્યું : ''હમણાં નહિ, પછી મળવાનું થશે.'' આટલું કહીને નીલકંઠ વર્ણી કુકડથી ચાલતા થયા.

❑❑❑❑❑

આ લોક અને પરલોકમાં રાજાનું હિત ઈચ્છે ને રાજાને સદ્‌બુદ્ધિ આપે, સાચી સલાહ આપે એવા પોતાના પ્રધાનને ધન્યવાદ આપે છે. રાજા કદાચને અનીતિના પંથે ચાલે તો તેને યુક્તિપૂર્વક અટકાવે, દાસીઓનો સહવાસ ન રાખે, રાણીવાસમાં બહુ ન જાય, પરસ્ત્રીને માતા સમાન ગણે, પોતાનો સ્વાર્થ જોયા વિના રાજાનું હિત ઈચ્છે, નીતિવાક્યને સારી રીતે જાણનાર, રાજતંત્ર સુધારવામાં સદા તત્પર રહે, વૈર વધારવામાં જે રાજી ન હોય, માદક વસ્તુનું પાન ન કરે, ક્યારેય પ્રજા પાસેથી લાંચ ન લે, સ્વાભિમાનનો ત્યાગ કરે, પાપના રસ્તે ચાલે નહિ, ક્યારેય રાજાની અપકીર્તિ સંભળાય તો તેને દિલમાં દુઃખ થાય, રાજા ઉપર સદા માટે પ્રેમભાવ હોય, જરાપણ આળસ ન હોય, એવા જે રાજાના **પ્રધાન** હોય તેને ધન્યવાદ છે. જૂના જમાનામાં પ્રધાનો રાજા અને રાજ્યનું હિત થાય તેમ કરતા તે આ પ્રસંગ સૂચવે છે.

આ કુકડ ગામના રાજા ભગવાનસિંહજીના **જીવો ઠક્કર** આવા પ્રધાન હતા. જેણે રાજાને સાચી વાત કહીને નીલકંઠ મહાપ્રભુની ઓળખાણ કરાવી. રાજા અને પ્રધાન વર્ણીરાજની પ્રસાદી જમ્યા તેનું અદ્‌ભુત **બીજબળ** થયું. રાજા ભગવાનસિંહજીને પહેલા કુસંગનો રંગ ચડેલો હતો, છતાં તે પ્રસાદીના બીજબળે પુણ્ય ઉદય થતાં તે સારા ભક્ત થયા. જેમ ઉષ્ણઋતુમાં અવની ઉપર અંકુર દેખાતાં નથી પણ ચોમાસામાં પાણીનો યોગ થતાં અંકુરો ઊગી નીકળે છે. તેમ ભગવાનસિંહ રાજાના પુણ્યો ઉદય થયા ને તેમનામાં ભક્તિ ઉદય થતાં શ્રેષ્ઠ સત્સંગી થયાં.

રાજા ભગવાનસિંહજી ક્ષત્રિય ગોહિલ કુળના **બુદ્ધિમાન રાજા** હતા. પરમાત્માના જ્ઞાનથી વંચિત હોવાથી સંસાર-વ્યવહારમાં રચ્યા-પચ્યા રહેતા. ભગવાન શ્રીહરિ ઉપર દ્વેષ રાખનાર એવા એક ચારણનો રાજાને યોગ થયો. જે ચારણ સાક્ષાત્ અસુરનો અવતાર ને વાણીથી અનેકના મન હરી લેતો. રાજાને પણ વાણીથી વશ કરી ભગવાન શ્રીહરિ વિષે આડું-અવળું સમજાવીને ભગવાન શ્રીહરિ સાથે વેર બંધાવ્યું. પછી તો આ ચારણ નિત્ય સવારમાં ભગવાન શ્રીહરિને સો ગાળો દેતો ને રાજા સાંભળતા. પછી બંને સાથે હોકાપાણી પીતા.

એકદિવસ રાજા રાત્રે સૂતો હતો. હજુ ઊંઘ બરાબર આવી નહોતી. કાંઈક જાગેલો અને કાંઈક સ્વપ્નમાં હતો. ત્યાં સુશોભિત વસ્ત્રોમાં ભગવાન શ્રીહરિએ **દર્શન** દીધાં. હાથમાં સોટી લઈને રાજાની સામે ઉગામતા, ક્રોધ કરીને કહ્યું : ‘‘તમે અમારી સાથે આટલો બધો **વિરોધ** શા માટે રાખો છો ? અમે તમારું શું બગાડ્યું છે ? તે રોજ સવારે અમને ગાળો દેવરાવો છો ? કહેતા હો તો હમણાં જમ દેખાડું. કહો તો જમપુરીમાં પહોંચાડું. અમારી સાથે જે વેર રાખશે તેને બહુ દુઃખ થશે. હવે ગાળ દેવરાવો તો તમારો કાળ આવ્યો એમ જાણજો.’’ ભગવાન શ્રીહરિની ક્રોધમય વાણી સાંભળી રાજા ભગવાનસિંહ ત્રાસ પામ્યા. થર-થર ધ્રૂજતા નિઃશ્વાસ નાખી ભગવાન શ્રીહરિને **વંદન** કરતાં કહ્યું : ‘‘હે પ્રભુ ! મારી ભૂલ થઈ, મને માફ કરો. હવે ફરીને ક્યારેય આવું આચરણ નહિ કરું. હવે તમને મેં ભગવાન તરીકે ઓળખ્યા. હવે તમે આજ્ઞા કરો તે પ્રમાણે કરીશ.’’ પછી શ્રીજીમહારાજે તેને કહ્યું : ‘‘હે રાજન્ ! દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું નહિ ને વટલાવવું નહિ. આ **પંચવર્તમાન** પ્રમાણે વર્તજો.’’ આમ કહીને ભગવાન શ્રીહરિ અંતર્ધાન થયા ને રાજાએ ઊંઘ લીધી.

સવાર થતાં રોજના ક્રમ પ્રમાણે **ચારણ** રાજા પાસે આવ્યો ને ગાળો ભાંડવાનું શરૂ કર્યું. તરત જ રાજાએ તેને અટકાવ્યો ને ભગવાન શ્રીહરિ વિષે ચારણને ખોટી ભ્રાંતિ હતી તે દૂર કરવા રાજાએ રાત્રે સ્વપ્નમાં બનેલી **ઘટના** કહી સંભળાવી. પરંતુ ચારણને તે વાત માન્યામાં આવી નહિ, તેથી તે જૂઠી કરવા ચારણે બહુ પ્રયત્ન કર્યો પણ રાજાને રાત્રે બરાબર પરચો મળી ગયેલો ને તેના જીવમાં ભગવાન શ્રીહરિની વાત ઉતરી ગઈ હતી. તેથી તેનો સત્સંગ દૃઢ થઈ ગયો હોવાથી ચારણના શબ્દોની રાજાને અસર ન થઈ. રાજાએ સત્સંગ ન છોડ્યો. નીલકંઠ વર્ણી સ્વરૂપે રહેલા ભગવાન શ્રીહરિની પ્રસાદી જમ્યા હતા તે પુણ્ય પ્રતાપે રાજાએ ચારણને કહી દીધું કે, ‘‘હવે મને સત્સંગની વાત સમજાણી છે, હવે તું ગાળો બોલીશ તો તને કાઢી મુકીશ.’’

જેવું શત્રુનું જોર જણાય છે તેવું જ કુસંગનું જોર હોય છે. જ્યાં કચાશ દેખાય ત્યાં બહુ બળ કરે છે ને જ્યાં બળવાન દેખે ત્યાંથી ડરીને ચાલે છે. જો હૈયામાં હિંમત હોય તો ભગવાન શ્રીહરિ તેની જરૂર સહાય કરે છે પણ જો ભગવાનનો આશરો છોડી દે છે તો કુસંગ તેને કરડી ખાય છે. રાજા ભગવાનસિંહજીનો અડગ નિશ્ચય જોઈને ચારણે કહ્યું : ‘‘તમે ભગવાન સ્વામિનારાયણ પાસે નિયમ ધારીને સત્સંગી થયા છો તો મારે પણ તેમના નિયમ ધારણ કરવા છે.’’ પછી બંને ગઢપુર ગયા. ત્યાં રાજાના કામદાર જીવા ઠક્કરના સંબંધી લાધા ઠક્કરના ઘરે ઉતર્યા. ઘોડાને ત્યાં રાખીને બંને ભગવાન શ્રીહરિ પાસે ગયા.

શ્રીજીમહારાજને પગે લાગી નમસ્કાર કર્યા. મહારાજે **આવકાર** આપી બેસવા કહ્યું. રાજાની અને ચારણની **પરીક્ષા** લેવા ભગવાન શ્રીહરિ દિવ્યભાવ ઢાંકીને મનુષ્ય ચરિત્ર કરતા તે બંનેને માણસ જેવા દેખાયા. તેથી બંનેને નિશ્ચયમાં ડગમગાટ થવા લાગ્યો. થોડીવાર શ્રીજીમહારાજ પાસે રહીને લાધા ઠક્કરને ઘેર આવ્યા.

લાધા ઠક્કરને ઘેર થોડીવાર વિશ્રામ કરીને ચાલવાની તૈયારી કરી એટલે લાધા ઠક્કરે કહ્યું : ‘‘આમ આવીને તરત થોડું જવાય ! જો તમારે જવું જ હોય તો ભગવાન શ્રીહરિની રજા લઈને પછી ઘેર જાઓ પણ તમે મનના સંશયને ટાળવા ને દર્શન કરવા આવ્યો છો તો આજની રાત્રિ રોકાઈને સદ્‌ગુરુ સંતોની વાતો સાંભળો ને નિરાંતે મહારાજના દર્શન કરો. કાંઈ સંશય થતો હોય તો પ્રશ્ન પૂછીને મનની **ભ્રાંતિ** દૂર કરો.’’ પછી સાંજે શ્રીજીમહારાજ પાસે રજા લેવા ગયા. જતાં જતાં મનમાં **સંકલ્પ** કરતા ગયા કે, હું ત્યાં જાઉં ત્યારે મારો જમણો હાથ પકડીને અહીં બેસો એમ કહીને બેસાડે તો હું તેને સાચા ભગવાન માનું. ત્યાં ચારણે કહ્યું : ‘‘કાંઈક મનમાં બીજું ધારો. કદાચ એક તો સાચું પડી જાય, બીજું સાચું પડે તો ખરું કહેવાય.’’ પછી રાજાએ મનમાં ધાર્યું કે, જો પાસે બેસાડીને હાર પહેરાવે તો સાચા. ત્યાં વળી ફરી ચારણે કહ્યું : ‘‘રાજન્ ! કદાચ બંને સાચા પડે. માટે હજું ત્રીજું કંઈક ધારી રાખો.’’ એટલે રાજાએ ધાર્યું જે, હાર પહેરાવીને પછી બે-ત્રણ રાત રોકાવાનું કહે તો ભગવાન સાચા.

આ રીતે ત્રણ સંકલ્પ કરીને બંને જણા ભગવાન શ્રીહરિ પાસે આવ્યા. શ્રીજીમહારાજે અંતર્યામીપણે તેના ત્રણે સંકલ્પ જાણી

લીધા ને તરત રાજા ભગવાનસિંહજીનો જમણો હાથ ઝાલીને પાસે બેસવાનું કહ્યું. તેથી રાજાએ ભગવાન શ્રીહરિને થોડાક સમર્થ જાણ્યા. ચારણને મનમાં થયું જે, હવે હાર તો પાસે નથી તો તે કેમ પહેરાવશે ? આમ સંકલ્પ કરે છે ત્યાં તો ભગવાન શ્રીહરિએ રાજાના ગળામાં હાર પહેરાવી દીધો. રાજા અને ચારણ તો આશ્ચર્ય સાથે જોતા રહ્યા કે હાર ક્યાંથી આવ્યો તેની ખબર ન રહી! આ રીતે બે ચમત્કાર થયા એટલે થોડાક ભગવાન સાચા જાણ્યા. પછી રાજાએ ઘેર જવાની રજા માગી એટલે મહારાજે કહ્યું : ''રાજન્ ! ત્રણ રાત રોકાવને સંતના મુખેથી કથાવાર્તા સાંભળો ને મનના ખોટા સંકલ્પો ટાળીને નિશ્ચયની દૃઢ ગાંઠ વાળો.''

અતિ આશ્ચર્ય પામતા રાજાએ કહ્યું : ''મહારાજ ! હવે તમને સર્વોપરી ભગવાન જાણ્યાં. મારા અંતરમાં હવે દૃઢ ગાંઠ વળી ગઈ. તમે સર્વોપરી, સર્વેશ, પૂર્ણ પુરુષોત્તમનારાયણ, સર્વ અવતારના અવતારી છો, અનંતકોટિ બ્રહ્માંડના રચયિતા છો. આવી અંતરમાં ગાંઠ વળી છે. હવે કોઈની છોડાવી નહિ છૂટે. મારા મનના બધા સંકલ્પો તમે સિદ્ધ કર્યા છે. હવે કંઈ બાકી નથી રહ્યું. મને નિયમ આપી મારા માથા પર હાથ મૂકો.'' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : ''રાજન્ ! તમે તો અમારા આશ્રિત છો. તમને અમે વર્તમાન ધરાવ્યાં છે.'' રાજાએ કહ્યું : ''હા, મહારાજ ! તમે સ્વપ્નમાં મને વર્તમાન ધરાવ્યા છે. આજે ફરી પ્રત્યક્ષ વર્તમાન ધરાવો. જેથી આપને આશરે રહીને નિત્ય તમારા ગુણગાન ગાતો રહું.'' પછી ભગવાન શ્રીહરિએ તેને નિયમ ધરાવીને ઉત્તમ ભક્ત થાય એવા આશીર્વાદ આપી **વરદાન** માગવાનું કહ્યું. ત્યારે રાજા કહે : ''હે મહારાજ ! મારે સંસારના સુખની કોઈ ખામી નથી. તમે માગવાનું કહેતા હો તો 'તમારા પુરુષોત્તમપણાના નિશ્ચયમાં લેશમાત્ર સંશય ન થાય' એ વરદાન આપો.'' મહારાજે ફરી માગવાનું કહ્યું એટલે રાજાએ એનું એ જ માગ્યું કે, 'મને તમારો નિશ્ચય ન જાય. બસ આટલું જ આપો.' વળી, મહારાજે ત્રીજી વખત માગવાનું કહ્યું ત્યારે રાજાએ એનું એ જ માગ્યું. તેથી ભગવાન શ્રીહરિ રાજા ભગવાનસિંહને ધન્યવાદ આપી મુક્તાનંદ સ્વામી તરફ મુખ કરી કહેવા લાગ્યા : ''અમે ત્રણ વર માગવાનું કહ્યું ત્યારે ત્રણે વખત એનું એ જ માગ્યું. આ તો પ્રહ્‌લાદ જેવા મારા અનન્ય ભક્ત છે. એણે ધ્રુવ પેઠે અવિચળ સ્થાન નથી માગ્યું પણ અવિચળ નિષ્ઠા માગી માટે તેમને **ધન્યવાદ** છે. આવા ભક્ત રાજાની ભક્તિ વખણાશે ને આવા રાજાના આખ્યાન પણ ગ્રંથમાં લખાશે.''

પછી રાજા ભગવાનસિંહજીએ કહ્યું : ''મહારાજ ! મારા પિતા ભોળા હતા, પરંતુ તેઓ મૃગયા કરી જીવ હિંસા કરતા, તે આપના દર્શનનું જે પુણ્ય થયું તે એમને આપું તો તેની સદ્‌ગતિ થાય !'' ત્યારે શ્રીજીમહારાજ કહે : ''રાજન્ ! તમે સત્સંગી થયા ત્યારથી તમારા પિતા અમારા ધામમાં ગયા છે. જો તમને વિશ્વાસ ન હોય તો સમાધિ કરાવીને બતાવું.'' ત્યારે રાજા બોલ્યા : ''પ્રભુ ! મને આપનામાં પૂર્ણ વિશ્વાસ છે. તેથી મારા પિતા આપના દિવ્ય ધામમાં ગયા છે.''

પછી ચારણે પણ મહારાજને વિનંતિ કરતા કહ્યું : ''મને પણ આપના નિયમ ધરાવી સત્સંગી કરો.'' ત્યારે ભગવાન શ્રીહરિએ તેને કહ્યું : ''તારો જીવ જુદી રીતનો છે, તેથી તારાથી અમારા નિયમનું પાલન નહિ થઈ શકે. પરંતુ આવા જોગમાં રહીશ તો કોઈ કાળે પુણ્ય ઉદય થશે.''

પછી તો રાજા ભગવાનસિંહજી નિત્ય બાળમુકુંદજીની **પૂજા** કરતા અને સત્સંગી બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી ઠાકોરજીને થાળ ધરાવીને પછી પોતે જમતા. ઉત્તમ આચાર-વિચારના **નિયમો** પાળતા હોવાથી બીજા કોઈના હાથનું રાંધેલ જમતા નહિ. સત્સંગી થયા પછી ડુંગળી-લસણ, હોકો, અફીણ વગેરે છોડી દીધાં. તેથી મૂર્ખ લોકો નિંદા કરતા પણ રાજા તેને કંઈ ગણકારતા નહિ. રાજાપણાનું માન છોડીને પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણના ગુણગાન ગાતા. સંતોની સેવા કરે, સંતોના ચરણની રજને સ્વમસ્તક ઉપર ચડાવે. આવો સંતોનો અને ભગવાનનો **મહિમા** સમજતા હતા. ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં અખંડ મનની વૃત્તિ રાખીને ભજન કરતા. કુકડપતિ ભગવાનસિંહ રાજાને ભગવાન ભેટ્યા ને ધામને પામ્યાં.


**'કુકડપતિ ભગવાનને, ભેટ્યા શ્રીભગવાન;**
**ધામ મળ્યું ભગવાનનું, કર્યા કપડ ભગવાન.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૧માંથી સંકલિત...)

## દિયોરમાં નીલકંઠ વર્ણી...

વર્ણીન્દ્ર પ્રભુ વડવાકુંડ થઈ **દિયોર** ગામે પહોંચ્યા. જ્યાં જ્યાં વર્ણીરાજ જતા, ત્યાં કોઈ મુમુક્ષુ તરફ દૃષ્ટિ રાખી જતા. કુકડમાં રાજા ભગવાનસિંહજીનું કલ્યાણ કર્યું અને દિયોરમાં એવા જ ભક્ત **મૂળજી ભાવસાર** નીલકંઠ વર્ણીની દૃષ્ટિમાં હતા. મૂળજીની ઉંમર નાની હતી, પણ તેની માતા બહુજ ભાવિક હતા. તેમના સંસ્કાર મૂળજીમાં આવ્યા હતા.

નીલકંઠ વર્ણીરાજ દિયોરમાં ગામ વચ્ચે રામજી મંદિરના ચોરામાં ઊતર્યા. ગામના લોકો કુતૂહલપ્રિય હોય છે. ચોરામાં કોઈ નવીન યોગીરાજને જોઈને આબાલ-વૃદ્ધ સૌ કોઈ ગામલોકો ત્યાં આવવા લાગ્યા. વર્ણીન્દ્ર પ્રભુ એમની રીત પ્રમાણે મૃગચર્મ ઉપર ધ્યાનસ્થ સ્થિતિમાં બિરાજ્યા હતા. ચોરામાં કેવળ બાવાઓ આવી ઊતરતા હતા, તેવા આ બટુક બ્રહ્મચારીને જાણી ગામના લોકોને ગમ્મત પડી ગઈ. સૌએ પોતપોતાની રીતે વર્ણીરાજ સાથે વાત કરી. નીલકંઠ મહાપ્રભુએ ગામલોકોને ઉપદેશ આપતા કહ્યું : **'સંસાર આ સ્વપ્નસમાન જાણો, પાપો તથા પુણ્ય ખરાં પ્રમાણો; આ લોકમાં ઈશ્વરભક્તિ સાચી, તેના વિના વાત સમસ્ત કાચી.'** આ સંસારમાં



પરમાત્માની ભક્તિ જ સાચી છે, તે વિના તો બધું મિથ્યા છે. સ્વપ્નમાં દ્રવ્ય મળે તો રાજી થાય છે. પછી તે જતું રહે તોપણ છાતી કૂટીને રડે છે. જાગ્યા પછી દ્રવ્ય નથી જણાતું પણ છાતી કૂટવાનું જે દુઃખ છે તે રહે છે. તેમ સંસારનું સુખ જાણીને તેને માટે પાપ-કર્મ કરે છે. સ્વપ્નવત્ સુખ ચાલ્યું જાય છે ને કરેલા પાપો ભોગવવા પડે છે. માટે ક્યારેય કોઈએ પાપ ન કરવું. હંમેશાં પરમાત્માની ભક્તિ કરવી, તો આ જન્મમરણ રૂપી ભવસાગરનો અંત આવશે. આ રીતે સંસારની અસારતાની અને પ્રભુ-ભજનની મહત્તાની વાત કરી. વાત સાંભળી સૌ ચાલ્યા ગયા. પરંતુ કોઈએ વર્ણીરાજને જમવાનું પણ પૂછ્યું નહિ!

ચોરાની બરાબર સામે મૂળજીની દુકાન હતી. તેમના માએ વર્ણીપ્રભુના દર્શન કર્યાં. નીરખી નીરખીને તેમને જોયા. તેમણે તેમના દીકરા **મૂળજી**ને કહ્યું : ''બેટા ! ચોરામાં જાઓ. કોઈ જોગી આવ્યા છે તેમના દર્શન કરો અને જમવાનું પૂછતા આવો.''

મૂળજી બાળક હતો પણ તેની બુદ્ધિ મોટા લોકોના જેવી હતી. તે તરત જ ચોરામાં ગયો. નીલકંઠ વર્ણીપ્રભુને **સાષ્ટાંગ** દંડવત્ કરી **પ્રણામ** કર્યા. મૂળજી પાસે આવ્યો. વર્ણીએ તેને માથે હાથ મૂક્યો. મૂળજીએ વર્ણીને હાથ જોડી કહ્યું : ''મહારાજ ! કાંઈ જમવાનું લાવું ?''

નીલકંઠ વર્ણીએ હસીને 'હા' કહી એટલે મૂળજી સીધું લાવ્યો. તેની માતા નદીએ જઈ બેડું ઊટકીને પાણી ગાળીને લાવી. તે મૂળજી વર્ણીરાજ પાસે લઈ આવ્યો. વર્ણીન્દ્ર રસોઈ કરીને, ઠાકોરજીને નૈવેદ્ય ધરાવી થોડું જમ્યા અને પ્રસાદી મૂળજીને આપી. તે પ્રસાદી લઈ ઘેર ગયો અને માતા-પુત્ર બંને એ દિવ્ય પ્રસાદી ભાવપૂર્વક જમ્યાં. સાંજે બાઈએ મૂળજી દ્વારા સૂવા માટે પલંગ મોકલવાનું પુછાવ્યું. ત્યારે નીલકંઠ વર્ણીએ કહ્યું : ''મૂળજી ! ત્યાગીએ દેહના સુખને ન ઈચ્છાય. રોગાદિ કષ્ટ વિના ત્યાગીએ પલંગ પર ન સૂવાય.'' જેની નોંધ લેતા 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી **વિહારીલાલજી મહારાજ** લખે છે :

**'કહે મહારાજ સુણો સુભક્ત, સંસારથી હોય સદા વિરક્ત;**
**ઇચ્છે ન સાંસારિક સુખ અંગે, પોઢે નહીં કષ્ટ વિના પલંગે.**
**માંદા થયાનો મિશ ઉર આણી, પોઢે પલંગે જન ત્યાગી જાણી;**
**ઠગે જનોને પ્રભુ શું ઠગાશે ? જોગી થયાનું ફળ વ્યર્થ જાશે.**
**અસંત એ તો નહિ સત્ય સંત, આવે ન એને ભવદુઃખ અંત;**
**સેવા સજે એની સુસંત જાણી, ન પુણ્ય પામે પસ્તાય પ્રાણી.**
**જોગી થઈને ભરતાદિ જેમ, વર્ત્યા સદા જે વરતે ન તેમ;**
**ગૃહસ્થને જોગ્ય પદાર્થ અર્થ, જો તેહ ઈચ્છે વ્રત તેનું વ્યર્થ.**
**સંસાર કેરું સુખ સર્વ છોડ્યું, તેવાં સુખોમાં વળી ચિત્ત જોડ્યું;**
**માનાપમાને સુખ દુઃખ થાય, તો ત્યાગી સાચો નહીં તે ગણાય.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૧)

પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન શ્રીહરિની પ્રસાદીના દિવ્ય કણોથી મૂળજીના અંતરમાં પરાભક્તિના ભાવ જાગી ગયા. તે પુણ્યથી **મૂળજી** સારા ભક્ત થયાં. જ્યારે તે મોટા થયા પછી ગઢપુર કે અન્ય સ્થળોએ ભગવાન શ્રીહરિના દર્શન કરવા જતા ત્યારે મહારાજ તેને જોઈને કહેતા : **''મુક્ત અક્ષરધામના આ છે, અમસંગે ત્યાંથી જ આવ્યા છે...** આ અક્ષરધામનો મુક્ત છે. અમારી સાથે જ અક્ષરધામમાંથી આ લોકમાં આવ્યો છે.'' મૂળજી ભક્તને કોઈ સારી વસ્તુ મળે તો તે શ્રીજીમહારાજને અર્પણ કરતા.

એકવખત મૂળજી ગઢપુર ગયો, ત્યારે તેણે ઉત્તમ કેરીઓ વેચાતી લઈ શ્રીજીમહારાજને ભેટ ધરી. ભગવાન શ્રીહરિ તેનો ભાવ જોઈ પ્રસન્ન થયા અને મૂળજીને કહ્યું : ''અમારી પાસે કાંઈ વરદાન માગ.''

મૂળજી ભક્તે તરત જ હાથ જોડી કહ્યું : ''મહારાજ ! જ્યાં સુધી આ કેરીઓ રહે ત્યાં સુધી દરરોજ કેરીઓ આપ જમો એવી મારી ઈચ્છા છે.'' મૂળજી ભક્તનો ભાવ જોઈ શ્રીજીમહારાજ રાજી થઈ ગયા. ભગવાન શ્રીહરિ દરરોજ એક-એક કેરી જમતા અને વખાણ કરતા. જેણે આખી સૃષ્ટિ રચી છે તેણે જ આંબાના ફળમાં સ્વાદ મૂક્યો છે. આ વિશ્વમાં એવી કોઈ વસ્તુ નથી જેને જોઈને કે ખાઈને ભગવાનને આસક્તિ થાય, પરંતુ પોતાના ભક્તને રાજી કરવા તે વસ્તુના પરમાત્મા વખાણ કરતા હોય છે.

'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી **વિહારીલાલજી મહારાજ** લખે છે :

**'આપ્યું એ જ વચન ધરી ટેક, જમ્યા નિત્ય કેરી એની એક;**
**જમતાં રસ તેનો વખાણે, રસ ભક્તના ભાવમાં જાણે.**
**બોર શબરીનાં સ્વાદિષ્ટ જેવાં, માન્યાં મૂળજીનાં ફળ એવાં;**
**ભલી લાગી વિદૂરની ભાજી, એમ કેરી જમી થયા રાજી.**
**સ્વાદ ભક્તના ભાવમાં જાણે, વિના ભાવ ન સ્વાદ વખાણે;**
**આખી સૃષ્ટિ તણા સ્રજનારા, એ જ આંબાના ફળ રચનારા.**
**એવી વસ્તુ નથી વિશ્વમાંઈ, જેની શ્રીહરિ જાણે નવાઈ;**
**દેવા ભક્તને આનંદ ભારી, કોઈ વસ્તુ વખાણે મુરારી.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૧)

❑❑❑❑❑

દિયોર ગામમાં બોરીના ચોફાળ વણનારા સારા વણકરો રહેતા હતા. મૂળજી ભક્તે તેની પાસે સુંદર ચોફાળ જોયા એટલે એમને મનમાં થયું કે, એક સારો **ચોફાળ** બનાવી ગઢપુર જઈ મહારાજને ઓઢાડું. આ રીતે મનમાં સંકલ્પ કરી સારા વણકર

પાસે જઈને કહ્યું : “સારામાં સારું સૂતર લઈ મને એક સુંદર ચોફાળ બનાવી આપો. તમને જેવી કારીગરી આવડતી હોય તેનો બરાબર ઉપયોગ કરજો ને છેડા સોનેરી કસબના બનાવજો. તેમાં જરા પણ ખામી રાખતા નહિ. અને તેનું મૂલ્ય થશે તેથી અધિક નાણાં આપીશ. આ ચોફાળ મારે મહારાજા અધિરાજને ભેટ કરવો છે. મને બહુ મોટું ઈનામ મળશે. તેમાં તમને ભાગ આપીશ. એ ઈનામ હશે જે ખાતા નહિ ખૂટે ને તેને ચોર પણ લૂંટી શકશે નહિ.”

વણકરે સુંદર ચોફાળ બનાવ્યો. મૂળજી ભક્તે માગ્યા તેથી અધિક દામ તેને આપ્યાં.

ગઢપુરમાં સારો **સમૈયો** ભરાયો છે. મૂળજી ભક્ત ચોફાળ લઈને ગયા. તે વખતે ભગવાન શ્રીહરિ સભામાં બિરાજમાન હતા. મૂળજી ભક્તે ગદ્‌ગદ્ કંઠે સ્તુતિ કરી. મહારાજની અહોભાવથી પૂજા કરી અંતરમાં આનંદ ઊભરાવાથી નેત્રમાં હરખના આંસુ ઊભરાયાં. મૂળજી ભક્તનો પ્રેમભાવ જોઈને સમૈયામાં પધારેલા હજારો સંતો-હરિભક્તો પણ આશ્ચર્ય પામી ગયા. સભામાં કેટલાક રાજવીઓ બેઠા હતા. ચોફાળની કારીગરી, વણાટ ને સોનેરી કસબના તાર જોઈ જ રહ્યાં. કેટલાકે કહ્યું : “અજબ કારીગરી છે આ ચોફાળમાં.” આવો અમૂલ્ય ચોફાળ ઓઢી શ્રીજીમહારાજ મૂળજી ભક્ત ઉપર રાજી થયા. તેથી કોટિ કોટિ સૂર્ય-ચંદ્ર ઝાંખા થાય એવા શીતળ શાંત તેજમાં મૂળજીને દિવ્ય સ્વરૂપના દર્શન આપ્યાં. ચોફાળમાં જ્યાં જ્યાં ચોકડી પાડેલી હતી ત્યાં ત્યાં સૂર્ય-ચંદ્રના દર્શન થયા. જેવું અક્ષરધામમાં ભગવાન શ્રીહરિનું સ્વરૂપ છે તેવા સ્વરૂપનું મૂળજી ભક્તને દર્શન કરાવ્યું. આ રીતે ધર્મકુમાર શ્રીહરિ નરનાટક કરી પોતાના અનન્ય ભક્તને **દિવ્ય દર્શન** દાન આપી રાજી કરે છે. મૂળજી ભક્તને પ્રશંસાના પુષ્પ કરતા શ્રીજીમહારાજના રાજીપાના પુષ્પ જોઈતા હતા.

## લાકડિયા તથા નાના ગોપનાથમાં...

મહાપ્રભુ નીલકંઠ વર્ણી દિયોરથી સીધા **લાકડિયા** પધાર્યા. અહીં બજારમાં પોતાની હાટે ખોજા **પ્રેમજી ઠક્કર** બેઠા હતા. હસતાં હસતાં નીલકંઠ વર્ણી ત્યાં આવ્યા. પ્રેમજીની પાસે ઘાસની ગૂંથેલી એક સુંદર **સાદડી** હતી. તેમને કોઈએ કહ્યું : “પ્રેમજી ! સાદડી ઉપર બેસતા નથી તો આ જોગીને આપી દ્યો ને !” ત્યારે પ્રેમજી ઠક્કરે કહ્યું : “કોઈ મહાજોગી મળશે તેમને આપી દઈશ.”

નીલકંઠ મહાપ્રભુ તેમની પાસે આવીને ઊભા રહ્યા અને કહ્યું : **‘હસીને બોલ્યા શ્રીહરિ, જોગી જોઈ વળો સહુ ઠાર; અમ જેવા જોગી નહિ મળે, કોટિ બ્રહ્માંડની મોઝાર.’** (શ્રીહરિલીલામૃત : ૩/૨૨) આખા બ્રહ્માંડમાં જોઈ વળજો, આવા જોગી તમને હાથ નહિ આવે.

એમ કહી વર્ણીન્દ્ર તો હસીને તરત જ ત્યાંથી નીકળી ગયા અને સીધા **નાના ગોપનાથ** પહોંચ્યા. અહીં શિવજીને જળ ચડાવી તરત જ ત્યાંથી નીકળી ગયા અને ગામ **પીપરલા** પધાર્યા.

(આ પ્રેમજી ઠક્કર ભગવાન શ્રી સ્વામિનારાયણના કારભારી ગઢડાના લાધા ઠક્કરના ભાઈ થતા હતા : ‘હે નૃપ ઓળખો એહને, કારભારી શ્રીહરિના જાણ; લાધો ઠક્કર ગઢપુર તણા, ભાઈ પ્રેમજી તેના પ્રમાણ.’ - શ્રીહરિલીલામૃત : ૩/૨૨)

## પીપરલામાં વર્ણીન્દ્ર નીલકંઠ...

પીપરલામાં તીર્થવાસીઓને એક **વિપ્ર** જમાડતો હતો. તેણે નીલકંઠ વર્ણીને જોયા. પરદેશી જણાયા. વળી, ઘણાં વર્ષોથી તીર્થાટન કરતા હોય તેવું તેઓના સ્વરૂપ ઉપરથી લાગ્યું. તુંબીપાત્ર અને ભિક્ષાપાત્ર સિવાય ઝોળી, વસ્ત્રો ન જોયાં, તેથી અપરિગ્રહ વ્રતધારી હશે એવું અનુમાન કર્યું. વિપ્રની પરીક્ષક બુદ્ધિએ વર્ણીરાજમાં શિવજીનું તપ અને કાર્તિક સ્વામીનો વૈરાગ્ય નિહાળ્યો. શિવ ઉપાસક વિપ્રની કલ્પના તેથી આગળ જઈ શકી નહિ.

તે વિપ્ર તુરંત નીલકંઠ વર્ણી પાસે ગયો. મહાપ્રભુ વર્ણીન્દ્ર તેની સામું જોઈ હસ્યા. કપાળમાં ત્રિપુંડ્ર, ગળામાં રુદ્રાક્ષ અને શરીર ઉપર જનોઈ જોઈ વિપ્રની શિવભક્તિ અને પવિત્ર બુદ્ધિનો ખ્યાલ આવ્યો. તેમણે વિપ્રને કહ્યું : “મહારાજ ! કાંઈ અન્ન આપશો ?”


વિપ્રને આ અવાજમાં મધુરતા લાગી. જમાતના બાવાઓ તો માગી ખાવું હોય તોપણ જોરથી બોલતા, આપતાં ઢીલ થાય તો અપશબ્દ પણ સુણાવતા અને કોઈ આનાકાની કરે તો ચીપિયો કે ત્રિશૂળ જે કાંઈ પાસે હોય તે શરીરમાં ભોંકી લોહી કાઢવાની ધમકી પણ આપતા. જ્યારે આ વર્ણીન્દ્ર યોગીરાજના સ્વરૂપમાં કાન્તિ હતી, અવાજમાં મધુરતા હતી, આંખોમાં કરુણા હતી, શબ્દોમાં વિનય હતો.

વિપ્રને લાગ્યું કે અત્યાર સુધી ઘણા અન્નાર્થીઓને જમાડ્યા છે. તેમાં કોઈ સત્કર્મી જમી ગયા હશે તેના ફળસ્વરૂપે આજે આ **સાક્ષાત્ મહાદેવ** પધાર્યા છે. વિપ્રે હાથ જોડી કહ્યું : “મહારાજ ! મારે ઘેર પધારો.”

વર્ણીપ્રભુ નીલકંઠજી તેની પાછળ તેને ઘેર ગયા. વર્ણીરાજને સુંદર આસન આપી બેસાર્યા. પછી ઘરમાં જઈ વિપ્રે તેની પત્નીને કહ્યું : “આજે આપણું કલ્યાણ થઈ જાય એવા મહાપુરુષ આપણે ઘેર પધાર્યા છે. માટે જલદી જલદી રોટલો કરી નાખો. તેમાં સારી પેઠે ઘી-ગોળ નાખજો. આવા જમનારા ફરી નહિ મળે.”

વિપ્રની પત્નીએ નીલકંઠ બ્રહ્મચારીના દર્શન કર્યા અને તે મૂર્તિ તેના અંતરમાં તરત ઊતરી ગઈ. તેણે જલદી જલદી રોટલો બનાવી નાખ્યો. તેમાં ધરબી ધરબીને ઘી-ગોળ નાખ્યાં અને ઉપર માડો દાબી દીધો. પછી વર્ણીરાજને જમવા બોલાવ્યા.

વર્ણીન્દ્ર પ્રભુ હાથ-પગ ધોઈને જમવા પધાર્યા. વિપ્રે પાટલો ઢાળી દીધો. વર્ણીરાજે તે ઉપર બાલમુકુન્દને પધરાવ્યા. થાળીમાં પીરસેલ રોટલો બાલમુકુન્દને ધરાવ્યો અને પછી તે પોતાના



ભિક્ષાપાત્રમાં લઈ તેમાં પાણી નાખી પોતે એક ગ્રાસ લીધો. વિપ્ર અને તેની પત્ની સામે બેસી દર્શન કરતા હતા. નીલકંઠ વર્ણીએ ગ્રાસ મુખમાં મૂક્યો અને ખુલ્લા થયેલા તેઓના મુખમાં વિપ્ર અને તેની પત્નીને ચૌદ લોક સહિત **બ્રહ્માંડના દર્શન** થયાં :

**'દીઠી નદિયો ને સાગર સાત, દીઠો પર્વત મેરુ પ્રખ્યાત;**
**સાતે પાતાળ પણ દીઠાં એમાં, દીઠાં કૈલાસ વૈકુંઠ તેમાં.**
**દીઠા સૂર્ય શશી ગ્રહ તારા, દીઠા મેઘ વૃષ્ટિ કરનારા;**
**દીઠાં સ્થાવર જંગમ પ્રાણી, દીઠાં વન નગ પૃથ્વી અજાણી.**
**એવી રચના નિહાળી અપાર, પામ્યાં અચરજ તે નરનાર;**
**કર્યું ઉરમાં એવું અનુમાન, નરદેહ ધર્યો ભગવાન.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૨)

વિપ્રને નીલકંઠ વર્ણીના મુખમાં કૈલાસ અને વૈકુંઠના પણ દર્શન થયા. સાત સમુદ્ર, નદીઓ, મેરુ પર્વત, સાત પાતાળ, સૂર્ય-ચંદ્ર વગેરે સ્થાવર-જંગમ રચનાના દર્શન થયા. બંને તો નીલકંઠ વર્ણીપ્રભુના મુખના **દિવ્ય દર્શન** કરી આશ્ચર્ય પામ્યાં અને એમને લાગ્યું કે નરરૂપે **સાક્ષાત્ ભગવાન** પધાર્યા છે, તેથી પતિ-પત્ની ધન્ય બની ગયાં !

વર્ણીરાજ થોડું જમ્યા અને પછી ચળું કરી લીધું. વિપ્રે પ્રસાદીનો રોટલો પાત્રમાંથી લઈ લીધો. પછી હાથ જોડી પ્રાર્થના કરી : ''વર્ણીરાજ ! આપ મારા ઉપર કૃપા કરીને મારે ઘેર પધાર્યા છો તો હવે બે માસ મારે ત્યાં રહો. મારી શક્તિ પ્રમાણે હું સેવા કરીશ. આજે મારા ભાગ્ય ઊઘડી ગયા ને મારું કલ્યાણ થઈ ગયું.''

મહાપ્રભુ નીલકંઠજીએ વિપ્રનો ભાવ જોયો. તેની સંસ્કારિતા પિછાણી. બે દિવસ વિપ્રને ત્યાં રહ્યાં. તેને પ્રસન્ન કરીને પછી ત્યાંથી ત્રીજે દિવસે નીકળીને **તળાજા** પધાર્યા.

## તળાજામાં વર્ણીરાજ ભાવિક વણિકની રસોઈ જમ્યા...

**'ગયા ત્યાંથી તળાજે ગામ, નાહ્યા શેત્રુંજીમાં ઘનશામ;**
**એક બાવાની જગ્યા નિહાળી, ઊતર્યા જઈ ત્યાં વનમાળી.**
**એક વાણિયે એ સ્થળ આવી, સીધું શામને આપિયું લાવી;**
**જમ્યા રાંધીને શ્રી જગદીશ, દૈવી જાણીને દીધી આશીષ.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૨)

તળાજામાં વર્ણીરાજે **શેત્રુંજી** નદીમાં સ્નાન કર્યું. પર્વતને દૂરથી જોયો. પછી ગામમાં પધાર્યા. એક બાવાની જગ્યામાં તેના મહંતને પૂછીને ત્યાં ઉતારો કર્યો. એક ભાવિક **વણિક** ત્યાં આવ્યો અને નીલકંઠ વર્ણીનાં દર્શન કરી તેના મનમાં તેમને જમાડવાનો ભાવ થયો. ઘેરથી સીધું લઈ આવ્યો. વર્ણીરાજ રસોઈ બનાવી જમ્યા. પછી રસોઈની પ્રસાદી વણિકને આપી.

(આ વણિકના આ સત્કર્મથી તેને ઘેર પુત્ર થયો, જેનું નામ **ગગાભાઈ** પાડ્યું. ગગાભાઈ સમય જતાં ભગવાન શ્રીહરિના મોટા ભક્ત થયા. 'ગગો શેઠ થયા સુત તેના, સદ્‌ગુણ શા વખાણિયે એના; હરિભક્ત થયા અતિ ભારી, જાણે સૌ હરિજન નરનારી.')

## ગોપનાથમાં મહાપ્રભુ નીલકંઠ વર્ણી...

વર્ણીરાજ નીલકંઠ મહાપ્રભુ તળાજાથી નીકળી **ગોપનાથ** પધાર્યા. અહીં શિવમંદિરમાં ઉતારો કર્યો. મંદિરના મહંત **નૃસિંહાનંદ બ્રહ્મચારી** ભાવિક હતા. તેમણે વર્ણીન્દ્રને ભાવથી નખશિખ નિહાળ્યા. પછી હાથ જોડીને કહ્યું : ''બ્રહ્મચારીજી ! આ તો તીર્થ છે. તીર્થમાં પાંચ રાત્રિ રહેવું જોઈએ.''



નીલકંઠ વર્ણીની પણ એ ઈચ્છા હતી. મહંતે વિપ્રને બોલાવી રસોઈ કરાવી અને વર્ણીરાજને જમાડ્યા. બીજે દિવસે નીલકંઠ વર્ણીએ સાગરમાં સ્નાન કર્યું. વળી, ત્યાં ખારા પાણીના અને મીઠા પાણીના કુંડ છે, તેમાં પણ વર્ણીપ્રભુ નાહ્યા. મહંતને લાગ્યું કે, નીલકંઠ યોગીના આગમનથી તેનો આત્મા જાગ્રત થયો છે. કારણ કે, તે શુદ્ધ **આનંદ સ્વરૂપ** આત્માના આનંદની **અનુભૂતિ** તેને નીલકંઠ મહાપ્રભુના સાન્નિધ્યમાં થઈ.

નીલકંઠ વર્ણી સ્નાન કરી સમુદ્ર કિનારે પોતાના ફરતી રેતીની એક વેંત ઊંચી પાળ કરી બિરાજ્યા. ત્યારે મહંત નૃસિંહાનંદ બ્રહ્મચારીએ કહ્યું : ''બ્રહ્મચારીજી ! ચાલો ગામમાં જઈએ.'' વર્ણીએ ના પાડતાં કહ્યું : ''અમારે તો રાત્રિનિવાસ અહીં જ કરવો છે. અમારે ગામમાં આવવું નથી. માટે થોડા છાણા ને દેવતા મોકલજો. તે અહીં જ તાપણું કરીને રહીશું.'' વર્ણીની વાત સાંભળી મહંત અને બીજા લોકો હતા તે સહુએ કહ્યું : ''યોગીરાજ ! અહીં તો સાંજે વાંસજાળ પાણી આવે છે, તેથી તણાઈ જાશો ને બૂડી મરશો.'' પરંતુ વર્ણીરાજ તો પોતાના નિજાનંદમાં ત્યાંથી ચાલ્યા નહિ. પછી મહંત બ્રહ્મચારીએ છાણા અને દેવતા મોકલાવ્યાં. તેનો વર્ણીએ આડ ખડક્યો અને રાત્રિ થઈ ત્યારે તેને સળગાવ્યો

જેમ જેમ રાત્રિ જામતી ગઈ તેમ તેમજ સાગરમાં પાણી વધતું જતું હતું. વાંસજાળ ઊંચુ ચડી ગયું ત્યારે શિવના મંદિર ઉપર ચડીને મહંત બ્રહ્મચારી તથા બીજા માણસો જોવા લાગ્યા. સાગરના પાણીમાં ધુમાડો ને પ્રકાશ દેખાયો પણ નીલકંઠ બ્રહ્મચારી દેખાયા નહિ. પછી સહુએ વિચાર કર્યો જે, ''આ વાંસજાળ પાણીમાં અગ્નિ પણ ક્યાંથી રહે અને બ્રહ્મચારી પણ તણાઈ ગયા હશે.'' એમ વિચાર કરીને સર્વે સૂઈ ગયા.

પછી સવારે ઊઠીને મહંત બ્રહ્મચારી તથા બીજા લોકો સૌ કોઈ સમુદ્ર કિનારે જોવા ગયા તો નીલકંઠ વર્ણી ગઈ રાત્રિએ જેમ પાળ પર બેઠા હતા તેવી રીતે બેઠા હતા. અને પાળની રેતી એકદમ કોરી હતી ને છાણાના રાખનો ઢગલો પણ કોરો પડ્યો હતો. તે જોઈને સહુ આશ્ચર્ય પામતાં થકા કહેવા લાગ્યા : ''આ વર્ણીરાજ નિશ્ચય ભગવાન છે.'' આ રીતે સંકલ્પ કરે છે તે સમયે વર્ણીરાજની મૂર્તિમાંથી તેજ નીકળવા લાગ્યું. અને તેમાં અક્ષરધામના દર્શન થયાં ને તે ધામને વિષે અનંતકોટિ મુક્તોએ વીંટાયા થકા દિવ્ય સિંહાસન ઉપર નીલકંઠ વર્ણી બિરાજમાન છે તેવા દર્શન થયાં. પછી સહુ વિનંતિ કરી વર્ણીને ગોપનાથ જગ્યામાં તેડી લાવ્યા. (ગોપનાથના મહંત નૃસિંહાનંદ બ્રહ્મચારીનો અંતકાળ જ્યારે આવ્યો ત્યારે ભગવાન શ્રીહરિ તેને ધામમાં તેડી ગયા હતા. શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ ભાગ - ૧, વાત-૭૭)

ત્રીજે દિવસે વર્ણીરાજ સ્નાન કરી ગોપનાથ મહાદેવ પાછા ફરતા હતા, ત્યારે તેમને એક બાઈ સામી મળી. નીચી દૃષ્ટિએ વેગપૂર્વક ચાલતા આ વર્ણીન્દ્રને જોઈ તે બાઈ સ્થિર થઈ ગઈ. તે નીલકંઠ વર્ણીને જતા જોઈ જ રહી અને વર્ણી ઉતાવળી ગતિથી ચાલ્યા જતા હતા. થોડીવારે તે સ્વસ્થ થઈ ત્યારે તેને લાગ્યું કે આ વિભૂતિ તો દૂર દૂર જઈ રહી છે અને હું તો અહીં જ

સ્થિર થઈ ગઈ છું. શું કરવું તે તેને કાંઈ ન સૂઝ્યું. પરંતુ તેનાથી એકાએક જોરથી બોલાઈ ગયું : ''એ મહારાજ ! ઊભા રહો.''

નીલકંઠ વર્ણી આ શબ્દો સાંભળી ઊભા રહ્યા. વર્ણીને ઊભા રહેલા જોઈ તે બાઈ વર્ણી સન્મુખ દોડી. વર્ણીએ તેને હાથના ઈશારાથી કહ્યું : ''બહેન ! ધીમે આવ. હું ઊભો જ છું.'' તે બાઈએ તેની ગતિ ધીમી પાડી. થોડીવારે તે વર્ણી પાસે પહોંચી ગઈ. વર્ણી પાસે આવીને તેને મૂંઝવણ થઈ. શું કહેવું ? શું બોલવું ? તે કાંઈ બોલે તે પહેલા નીલકંઠ વર્ણીએ તેને પૂછ્યું : ''આ લોટીમાં શું છે ?''

''મહારાજ ! ગાયનું દૂધ છે. આપ તે પી જાઓ.'' એમ કહી તેણે તે લોટી વર્ણીરાજને આપી.

નીલકંઠ વર્ણીપ્રભુએ તેની સામું સ્મિત કરી તે લોટી લીધી. દૂધ પોતાના કમંડળમાં ગાળીને લીધું અને પછી પી ગયા. પછી તે બાઈને વર્ણીએ પૂછ્યું : ''બહેન ! તું કોણ છો ?''

''મહારાજ ! અમે અહીં ઊંચડી પાસે **પીથલપુર**માં રહીએ છીએ. જાતે ખોજા છીએ અને મારું નામ **જાનબાઈ** છે. મારે એવું નિયમ છે કે રોજ ગાયનું દૂધ લઈને ગોપનાથ મહાદેવ આવવું અને રસ્તામાં જો કોઈ મળે તો તેને એ દૂધ પાઈ દેવું અને જો કોઈ ન મળે તો દૂધ ગોપનાથ મહાદેવને ચડાવી દેવું.''

વર્ણીરાજ તેનો ભાવ જોઈ હસ્યા અને કહ્યું : ''જાનબાઈ ! તારું દૂધ આજે મહાદેવે અંગીકાર કર્યું.''

ભોળી જાનબાઈ મહાપ્રભુ નીલકંઠ વર્ણીના આ શબ્દોમાં કાંઈ ન સમજી, પણ તેના અંતરમાં શાંતિનો શેરડો પડી ગયો. વર્ણીએ એક દૃષ્ટિ તેના ઉપર નાખી ત્યાંથી ચાલવા માંડ્યું. જાનબાઈ વર્ણીને જતા જોઈ રહ્યાં. વર્ણી દેખાયા ત્યાં સુધી જોઈ રહ્યાં. તેને ન સમજાયું કે તેમના પગ ત્યાં કેમ સ્થિર થઈ ગયા હતા ! થોડીવારે ફરી તે સ્વસ્થ થયાં અને કોઈ અપૂર્વ આનંદનો અગમ્ય અનુભવ કરી તેણે પીથલપુર તરફ ડગલાં ભર્યાં.

તે ઘેર પહોંચી પણ મહાપ્રભુ નીલકંઠ વર્ણીની મૂર્તિ તેના અંતરમાં જડાઈ ગઈ. ઘેર આવ્યા પછી પણ તેને વર્ણી દેખાયા કરતા હતા. હાથનો ઈશારો કરતા, કમંડળમાં દૂધ ગાળતા, દૂધ પીતા વર્ણીના શબ્દો તેને મીઠા લાગ્યા હતા. તેવી મીઠાશ તેણે હજુ સુધી કોઈ શબ્દોમાં અનુભવી ન હતી.

રાત્રે વર્ણીરાજે તેને દર્શન દીધાં. જાનબાઈ ઝબકીને જાગી ગયાં : આ કોણ ? તેને વર્ણી દેખાયા. તે વર્ણીના સ્વરૂપ તરફ દૃષ્ટિ સ્થિર કરે એટલામાં તો તેને વર્ણીના અતિ તેજોમય દિવ્ય સ્વરૂપના દર્શન થયાં. તેમની સ્તુતિ કરતા તેણે અનેક દેવાધિદેવો જોયા. એક લાખ અને એંશી હજાર પેગંબરોને પણ વર્ણીની સ્તુતિ કરતા જાનબાઈએ જોયા. તે પોતાનો દેહભાવ ભૂલી ગઈ હતી. પીથલપુર, તેનું ઘર, બધું જ તેની સ્મૃતિમાંથી અદશ્ય થઈ ગયું હતું. એટલામાં વર્ણીનો ઘેરો અવાજ તેને સંભળાયો : ''જાનબાઈ ! ત્રણેક વર્ષ પછી હું ફરી આ તરફ આવીશ. ત્યારે તું તારા પુત્રને વાયવ્ય ખૂણામાં મોકલજે.''

વર્ણીન્દ્રના અવાજના પડઘા પડ્યાં : ''જાનબાઈ ! હું ફરી આવીશ. તારા પુત્રને વાયવ્ય ખૂણામાં મોકલજે.'' વર્ણી અદશ્ય થઈ ગયા.

જાનબાઈ પણ સ્વસ્થ થઈ ગયાં. તેને સમજાયું નહિ કે આ સ્વપ્નું હતું કે સત્ય હતું ? પરંતુ સ્વપ્ન હોય તો તે પથારીમાં સૂતી હોય, પણ તે તો પથારીમાં બેઠી હતી. તેને લાગ્યું કે વર્ણીરાજ ગોપનાથ મહાદેવ હોવા જોઈએ. વર્ણીએ કહ્યું હતું : ''તારું દૂધ મહાદેવે અંગીકાર કર્યું.'' તેના આનંદનો પાર ન રહ્યો.

## શ્રી ગોપનાથ મહાદેવ ઈતિહાસ :

હિન્દ મહાસાગરના પાણી જેના પગ પખાળે છે એવા કાઠિયાવાડના ભાવનગર જિલ્લાના તળાજા ગામ નજીક આવેલ શ્રી મોટા ગોપનાથ મહાદેવનું સ્થાન, સૌરાષ્ટ્રના સાગરકાંઠાના તીર્થસ્થાનોમાં અલૌકિક અને ઉત્તમ છે. શ્રી ગોપનાથ મહાદેવ મંદિર સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં વિશાળ ખુલ્લા સમુદ્રતટ ઉપરનું તીર્થસ્થાન અને પ્રવાસધામ-વિહારધામ તરીકે પણ પ્રસિદ્ધ છે. સુંદર આકર્ષક સૌંદર્ય અને ઐતિહાસિક દસ્તાવેજી પુરાવાઓ ધરાવતું આ સ્થાન શિલ્પસ્થાપત્યના ઉત્તમ નમૂનાઓ સાચવીને સાગરના ઊંચા ઊછળતા મોજાઓની સાક્ષી પૂરતું અડીખમ અત્યારે પણ ઊભું છે.

શ્રદ્ધાળુઓની મનોકામના પૂર્ણ કરનાર તીર્થધામ શ્રી **ગોપનાથ મહાદેવ**ના **પ્રાગટ્ય** વિષે ઘણી બધી **દંતકથાઓ** પ્રચલિત છે.

એક કથા પ્રમાણે **ભગવાન શ્રીકૃષ્ણ** આ સ્થળે યાત્રા કરવા નીકળ્યા ત્યારે એમણે અહીં રેતીમાં શિવજીનું બાણ તૈયાર કરીને તેની પૂજા કરી હતી. આમ આ કથા મુજબ આ પવિત્ર સ્થળ સાથે





ભગવાન શ્રીકૃષ્ણ પણ જોડાયેલા છે. તેથી શિવજીના આ મંદિર ઉપર હંમેશાં **ધોળી ધજા** જ ફરકે છે. આમ, આ મહાદેવને **ધોળી ધજાના દેવ** તરીકે પણ ઓળખવામાં આવે છે.

બીજી એક દંતકથા પ્રમાણે ઈ.સ. સોળમાં શતકમાં રાજપીપળા શાખાના ગોહિલ રાજા **ગોપસિંહજી**એ આ મહાદેવની સ્થાપના કરી હોવાનું માનવામાં આવે છે. તો વળી આઠમી સદીમાં આ મહાદેવની આજુબાજુની ભૂમિ ઉપર મોટા મોટા તાડના વૃક્ષો હતા. જ્યાં દૈવી શક્તિનો વાસ હતો. તો બારમી સદીમાં સોલંકી કાળમાં આ એક ધબકતું બંદર હતું. તેમજ એક સરસ મજાનું સુંદર નૌકાસ્થળ તેમજ ઘોઘા બંદર જોડાયેલું હતું.

શ્રીહરિલીલામૃત ગ્રંથના ૪ કળશમાં કહ્યા મુજબ સુરત શહેરના નિવાસી કોઈ શેઠની ગાય ગાયોના ધણમાંથી દરરોજ સમુદ્ર ઓળંગીને આ સ્થળે આવેલ રાફડા ઉપર સ્વયંભૂ દૂધ વરસાવીને અભિષેક કરવા જતી હતી, તેથી શેઠે તેના ગોવાળ દ્વારા તપાસ કરીને પછી ગોવિંદાનંદ વર્ણીની સાથએ સુરતથી વહાણમાં બેસીને ત્યાં જઈ રાફડા નીચેથી શિવજીનું અલૌકિક બાણ શોધી કાઢ્યું. પછી શેઠે ગોવિંદાનંદ વર્ણીના કહેવા મુજબ ત્યાં મંદિર કરાવીને તેમાં પૂજન-અર્ચન માટે તેની સ્થાપના કરતા તેને **'ગોપનાથ'** તરીકે ઓળખાય છે.

તે બધાની સાથે સાથે આ પ્રાચીન તીર્થમાં ભક્તશિરોમણી એવા **નરસિંહ મહેતા**એ ભાભીનાં મહેણાં ટોણાંથી પોતાના ઘરનો ત્યાગ કર્યો હતો. અને સાત-સાત દિવસ સુધી આ સ્થળે **તપ** કર્યું હતું. ત્યારે તેમને આ સ્થળે જ ભગવાન શંકરનો સાક્ષાત્કાર થયો હતો. અને ભોળાનાથે પ્રસન્ન થઈને તેમને ભક્તિની અવસ્થામાં આ જ સ્થળે **રાસલીલાનું દર્શન** પણ કરાવ્યું હતું. ત્યારે નરસિંહ મહેતાએ કૃષ્ણભક્તિના અનેક પદો, પ્રભાતિયા અને ભજનો અહીં જ રચ્યાં હતા. તે બાદ નરસિંહ મહેતા ઘણા દિવસો સુધી આ સ્થળે રહ્યા હતા. આ હકીકત મુજબ આ મંદિર ઈ.સ.ના ૧૫માં શતકથી **પ્રાચીન** તો હોવું જ જોઈએ.

ભાવનગરના ગોહિલ રાજાઓનો ગોપનાથમાં બ્રહ્મકુંડ આવેલો છે તેની આગળ બાળમોવાળા ઉતરાવવાનો નિયમ છે. ભાવનગરના પ્રજાવત્સલ રાજાએ આ યાત્રાધામના નિભાવ તથા સંચાલન માટે જમીન જાગીર અને સ્થાવર મિલક્તો પુષ્કળ પ્રમાણમાં અર્પણ કરેલ છે. અહીંયા યાત્રાળુઓને ઉતારા તથા પ્રસાદ માટે ધર્મશાળા શરૂ કરવામાં આવી છે.

આ **પવિત્ર તીર્થ** તળાજાથી ૨૨ કીલોમીટરના અંતરે તેમજ સુરતના દરિયાકાંઠાથી બાર દરિયાઈ માઈલના અંતરે આવેલું છે. આ સ્થળ ઉપર આજથી ૩૫૫ વર્ષ પૂર્વે જેમની મનોકામના પૂર્ણ થઈ હતી તેવા બારભાયા નામે ઓળખાતા કપોળ ગૃહસ્થ પરિવારે તે સમયે રૂપિયા પચ્ચાસ હજારના ખર્ચે આ સંપૂર્ણ મંદિર જે અત્યારે સ્થાપત્ય અને કલાકારીગરીથી શોભી રહ્યું છે તે બનાવી આપ્યું હતું.

આ યાત્રાધામમાં શિવમંદિર ઉપરાંત શ્રી નૃસિંહ ભગવાન અને શ્રી રાધાકૃષ્ણના મંદિરો તેમજ શ્રી મહાકાલી માતાજીનું મંદિર તથા ગાયત્રી મંદિરની સાથે સાથે ભગવાન **શ્રી સ્વામિનારાયણ** નીલકંઠ સ્વરૂપે પધાર્યા તેની સ્મૃતિમાં **હરિમંદિર** પણ કરવામાં આવ્યું છે. આ સ્થળે વૈષ્ણવ, શિવ અને શક્તિ સંપ્રદાયના તહેવારો ભારે ભક્તિભાવ પૂર્વક ઉજવાય છે. તેમાં પણ ખાસ કરીને શ્રાવણ માસ દરમ્યાન અહીં દર્શન કરવા આવનાર દરેક દર્શનાર્થીને પ્રેમથી ભોજન પીરસવામાં આવે છે. તેમાં પણ ખાસ કરીને બપોરે ૧૨ અને સાંજે ૭ કલાકે પ્રભુપ્રસાદ માટે રીતસરનો સાદ પાડવામાં આવે છે અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ તેનો લાભ લેતા હોય છે. શ્રાવણ માસના છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન **ભાદરવી અમાસ**ને નામે ઓળખાતા ભવ્ય **લોકમેળા**નું અનોખું **આયોજન** પણ થાય છે. જેમાં આશરે દોઢ લાખથી પણ વધારે સંખ્યામાં યાત્રાળુઓ આવે છે.

## ઝાંઝમેરમાં...

મહાપ્રભુ નીલકંઠ વર્ણી ગોપનાથમાં પાંચ રાત્રિ રહીને ત્યાંથી નીકળી **ઝાંઝમેર** પધાર્યા. ઝાંઝમેરમાં એક વિપ્રે પરોણાગત કરી. તેના પ્રારબ્ધમાં આ લાભ મળવાનો હશે. વિદુરની ભાજી જમવા છેક જમુનાતટ ઉપર તેની ઝૂંપડીમાં ભગવાન શ્રીકૃષ્ણ પધાર્યા, તેમ નીલકંઠ વર્ણીપ્રભુ પણ જ્યાં જ્યાં ભાવિક ભક્તો હતા તેમને ત્યાં પધાર્યા. તેમણે ભાવથી જે અર્પણ કર્યું તે પોતે અંગીકાર કર્યું. એટલી અલ્પ ભેટથી પ્રસન્ન થઈને તેમને પરમપદ અક્ષરધામ બક્ષિસ આપી દીધું. ઝાંઝમેરમાં ભક્તના ભાવ પૂરા કર્યા.

## કળસાર થઈને વર્ણીરાજ કતપરમાં...

ઝાંઝમેરથી નીકળી વર્ણીરાજ કળસાર પધાર્યા. આ ગામ અતિ કુગ્રામ હતું. અહીં અભક્તના સ્વરૂપ ખુલ્લાં કર્યાં. કોઈએ અન્ન આપ્યું નહિ અને ગામમાં સૂવા પણ દીધા નહિ. વર્ણીરાજ એક ખળામાં જઈ રાત રહ્યા. નીલકંઠ વર્ણીની કલ્યાણકારી વનવિચરણયાત્રામાં દૈવીજીવો મળતા તેમ આજે આસુરી જીવોનો પણ અનુભવ થયો. બીજે દિવસે સવારે કળસારથી નીકળી નીલકંઠ વર્ણી મહુવા જવાને માર્ગે **કતપર** પધાર્યા.

**'કતપર ગયા ઊઠી સવારે, લીધો મહુવાનો મારગ ત્યારે;**
**નદી માળણ ત્યાં જતાં આવી, ભક્તિપુત્રતણે મન ભાવી.**
**શામે ત્યાં જ કર્યું સ્નાનાદિક, આવ્યો મહુવેથી એક વણિક;**
**નામ શેઠ પીતાંબર એહ, દશા શ્રીમાળી શ્રાવક તેહ.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૨)

અહીં પવિત્ર માલણ નદીને બે કાંઠામાં ભરપૂર જોઈ નીલકંઠ



વર્ણીપ્રભુને આનંદ થયો. ત્યાં સ્નાનાદિક કર્મ કર્યું. એટલામાં મહુવામાંથી પીતાંબર શેઠ - શ્રાવક વાણિયા વસાણાનું ગાડું ભરીને નીકળ્યા. તેણે નીલકંઠ વર્ણીને જોયા. પદ્માસન વાળીને નીલકંઠ વર્ણીરાજ બેઠા છે. નાસિકાના અગ્ર પ્રતિ દૃષ્ટિ છે. તપની પરાકાષ્ઠાથી કૃશ થયેલા શરીરમાં અદ્‌ભુત કાન્તિ જોઈ પીતાંબર શેઠે ગાડું ઊભું રાખ્યું. નીચે ઊતરીને તેઓ વર્ણીન્દ્ર નીલકંઠ મહાપ્રભુ પાસે ગયા. ચરણકમળનો સ્પર્શ કરી પ્રણામ કર્યા. વર્ણીએ તેનો ભાવ જોઈ તેના ઉપર દૃષ્ટિ નાખી. પીતાંબર શેઠ આ દૃષ્ટિથી પાવન થઈ ગયા. તેમણે હાથ જોડી કહ્યું : ‘‘મહારાજ ! મારી ભેટ અંગીકાર કરશો ?’’

વર્ણીરાજે ઈશારાથી જ હા કહી. એટલે **પીતાંબર શેઠ** ગાડા પાસે ગયા. ગાડામાંથી ટોપરાં અને સાકર લઈ તે વર્ણી પાસે આવ્યા અને વર્ણીના ચરણો પાસે તે મૂક્યાં. વર્ણીએ તે બાલમુકુન્દને ધરાવ્યાં. પછી અલ્પ જમીને પ્રસાદી શેઠને આપતાં પૂછ્યું : ‘‘શેઠ ! તમે ક્યા ગામે રહો છો ?’’

‘‘મહારાજ ! ઘરબાર તો મહુવામાં છે, પણ વ્યવહારે બહુ ગરીબ છું. તેથી વેપાર કરવા બાજુના કળસાર ગામે જાઉં છું.’’

નીલકંઠ વર્ણી કળસારનું નામ સાંભળી હસ્યાં અને કહ્યું : ‘‘શેઠ ! એવા કુગ્રામમાં વેપાર કરી શું કમાવાના છો ? જ્યાં લોકોમાં નીતિ નથી, ધર્મ નથી, આસ્તિક ભાવ નથી. ત્યાં કદાચ કમાશો તોપણ એ આસુરી સંપત્તિ ગણાશે. તેનાથી તમો સુખી નહિ થાઓ.’’

પીતાંબર શેઠ વિચારમાં પડી ગયા. તેમને લાગ્યું કે આટલા વર્ષોનો વેપાર છતાં હજુ બે પાંદડે તો થવાયું નથી અને હૈયામાં પણ ક્લેશ રહ્યા જ કરે છે. તેમણે હાથ જોડી કહ્યું : ‘‘મહારાજ ! તો હું શું કરું ?’’

ત્યારે મહાપ્રભુ નીલકંઠ વર્ણીએ કહ્યું : ‘સુણી બોલિયા જગજીવન, મહુવામાં રહો મહાજન; જશે દુર્બળતા તે તમારી, મારું વેણ લેજો શિર ધારી.’ મહુવામાં જ વેપાર કરો. મારું વચન માનશો તો દુર્બળતા જશે અને સુખી થશો અને ભક્તિ પામશો.

નીલકંઠ વર્ણીરાજના આ વચન પીતાંબર શેઠે માથે ચડાવ્યાં. ત્યાંથી જ ગાડું પાછું વાળ્યું. નીલકંઠ વર્ણીએ પીતાંબર શેઠને કળસાર જેવા કુગ્રામમાં ન રહેવા જે **સદુપદેશ** આપ્યો તેનું **વર્ણન** કરતાં ‘શ્રીહરિલીલામૃત’ ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી **વિહારીલાલજી મહારાજ** લખે છે :

**‘જે ગામમાં લોક વસે ઉદાર, વેપાર ધંધા વળી જ્યાં અપાર;**
**તહાં રહેવું સુખ જો ચહીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે.**
**જે ગ્રામમાં નિર્દય લોક હોય, સુણે નહીં કૃષ્ણ કથા જ કોય;**
**તહાં વસ્યાથી કદિ કષ્ટ લીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે.**
**જે ગામમાં પુષ્કળ હોય પાણી, પાળે પ્રજા ભૂપતિ પ્રેમ આણી;**
**વિચારીને વાસ તહાં વસીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે.**
**જ્યાં આપણા વેરી વિશેષ હોય, સગો નહીં કે નહીં મિત્ર કોય;**
**તો તે તજીને જવું ગામ બીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે.**
**જે ગ્રામમાં વૈદ્ય વસે ન કોય, વિદ્યાની શાળા પણ જ્યાં ન હોય;**
**તહાં રહીને સુખ શું લહીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે.**
**જડે ન જ્યાં સજ્જનનો પ્રસંગ, જહાં રહ્યાથી નિજધર્મ ભંગ;**
**વસ્યા થકી જ્યાં વ્યસની બનીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે.**
**જ્યાં આપણો ઉદ્યમ તો ન થાય, કરે ન કો સંકટમાં સહાય;**
**નાણું છતાં જ્યાં નહિ વસ્તુ લીજે, કુગ્રામમાં વાસ કદી ન કીજે.**
**કુગ્રામમાં વાસ કુપાત્રસેવા, કુટુંબમાં ક્લેશ કુમિત્ર એવા; પત્ની કુભાર્યા જડી હોય જેને, પ્રત્યેક પાંચે પરિતાપ તેને.’**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૨)

❑ ❑ ❑ ❑ ❑

ભગવાન શ્રીહરિની આજ્ઞામાં વિશ્વાસ રાખી પીતાંબર શેઠે

**મહુવામાં વેપાર** કર્યો તે અઢળક ધનધાન્ય પામ્યા ને દુર્બળતા દૂર થઈ. ભગવાન શ્રીહરિને ફળાહાર આપવાના પુણ્ય પ્રતાપે પીતાંબર શેઠને નરસિંહ, દામજી અને જેઠાભાઈ - આ **ત્રણ પુત્રો** થયાં. દામજીભાઈને સ.ગુ. શ્રી **પરમાનંદ સ્વામી**નો જોગ થતાં સત્ય ધર્મ શું છે તે સમજાતાં જૈન મતનો ત્યાગ કરી સત્સંગી થયા. તેના મામા ખીમા શેઠને પણ દામજીભાઈએ સત્સંગી કર્યા. મામાના પુત્ર ફુલચંદ પણ સત્સંગી થયા. દામા શેઠના સગાં-સંબંધી બધા સત્સંગી થયા, તેથી જૈન મતના લોકો ઉપદ્રવ કરવા લાગ્યા. તેમ છતાં પણ તેનાથી કાંઈ ડર્યા નહિ. પછી શેઠે સારો સમય આવ્યો ત્યારે વડતાલ જઈને વાસ કર્યો. એક દિવસ મહુવાથી સગાં-સંબંધીએ પત્ર લખ્યો : ''તમે માતા-પિતા વગેરે સગાં-સંબંધીજનોનો ત્યાગ કરી વડતાલ કેમ વસ્યા છો ?'' ત્યારે દામજીભાઈ શેઠે તેનો **આશ્ચર્યકારી ઉત્તર** લખ્યો :

**'લક્ષ્મીનાથ પિતા રમા જનનિ છે માશી ગણું ગોમતી,**
**ભ્રાતા વાયુકુમાર પુત્ર શિવનો એ છે સહાયી અતિ;**
**પુત્રી પુત્ર દુહિત્ર નિત્ય નિયમો ભાર્યા સદા સંગ છે,**
**છે વૃત્તાલયમાં કુટુંબ સઘળું આનંદ ઉત્તંગ છે.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૨)

વડતાલથી દામજીભાઈ શેઠે ઉત્તર લખી મોકલ્યો : ''શ્રીનારાયણ ભગવાન પિતા છે, લક્ષ્મીજી માતા છે અને ગોમતીને માસી ગણું છું. તેમજ વાયુકુમાર તથા ગણેશને ભાઈ ગણું છું. નિત્ય નિયમો રૂપી પુત્ર-પુત્રી આદિક સર્વે કુટુંબ વડતાલમાં છે.'' શાસ્ત્રના મર્મનો વિચાર કરી શેઠ વડતાલમાં જ નિવાસ કરીને રહ્યાં.


પીતાંબર શેઠે મહાપ્રભુ નીલકંઠ વર્ણીને સાકર-ટોપરું આપ્યા હતાં તેનું **કોટિગણું ફળ** પ્રાપ્ત થયું. કોઈ સદ્ભાવથી ભગવાનને તુલસીપત્ર અર્પણ કરે તોય તેને પરમાત્મા નિહાલ કરી દે છે એવા ભગવાન **દીનદયાળુ** છે. પ.પૂ. ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રી **શ્રીહરિલીલામૃત** ગ્રંથમાં લખે છે :

**'જ્યારે સોનાની લંકા લૂંટાય, ત્યારે ઊંઘ અભાગીને થાય;**
**નિધિ અમૃતનો ઉભરાય, તોય તરસ્યો અભાગિયો જાય.**
**તેમ હરિએ કરી લીલા લે'ર, કર્યું કલ્યાણ તો ટકે શે'ર;**
**તોય લેવા ન આવે અભાગી, ન જુવે મોહ નિદ્રાથી જાગી.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૨/૫૩-૫૪ )

જ્યારે સોનાની લંકા લૂંટાતી હોય ત્યારે ઊંઘ તો અભાગિયો હોય તેને જ આવે છે. જ્યારે અમૃતનો સાગર રેલાય ત્યારે તો અભાગિયો તેમાં તરસ્યો રહી જાય છે. એમ કળિયુગમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કેવળ જીવાત્માના કલ્યાણને અર્થે આ લોકમાં અવતાર ધારણ કરીને **લીલાલહેર** કરી છે. અભાગી હોય તે મોહ નિદ્રામાંથી જાગીને આવું **સોંઘું કલ્યાણ** લેવા આવી શકતો નથી. નરતનુ ધારી, કૃપાનિધિ શ્રીહરિ અતિ કરુણા કરી સહુને દર્શન આપે છે, પણ જે પુણ્યશાળી હોય તે જ ભગવાનને પ્રતાપી જાણીને ઓળખે છે.

## માણીગર માવ વર્ણીરાજ નીલકંઠ મહાપ્રભુ મહુવામાં...



**'મહુવામાં ગયા મહારાજ, કૈક જીવનાં કલ્યાણ કાજ;**
**તહાં લક્ષ્મીનારાયણ કેરું, એક મંદિર સારું ઘણેરું.**
**હનુમાનની દેરી છે જ્યાંય, દીઠું આંબલીનું ઝાડ ત્યાંય;**
**કર્યું ઓટલે ત્યાં આસન, વસ્યા ત્રણ દિન પ્રાણજીવન.'**


(શ્રીહરિલીલામૃત : ૩/૨૩ )

વર્ણીરાજ નીલકંઠ કતપરથી સં. ૧૮૫૫માં **મહુવા** પધાર્યા. ગામ વચ્ચે **શ્રી લક્ષ્મીનારાયણના મંદિર**માં આવ્યા. (હાલમાં 'શ્રી ખીમનાથ મહાદેવની જગ્યા' તરીકે ઓળખાય છે.) અહીં મંદિરના પગથિયે વર્ણીરાજે આસન જમાવ્યું. તે સમયે મંદિરના મહંત બાવા બાલકદાસ રામકથા વાંચતા હતા. નીલકંઠ વર્ણીએ વચ્ચે જ બાવાને એક પ્રશ્ન પૂછ્યો. પરંતુ તેનો ઉત્તર ન આવડ્યો એટલે બાવાજી અકળાયા. તે બોલ્યા : ''આ કોણ મોટો ડાહ્યો અહીં આવ્યો છે ? મુખે તો મૂછ આવી નથી ને મહંતને પ્રશ્ન કરે છે ?''

નીલકંઠ વર્ણી મહંતની વાણી સાંભળી, તેથી ત્યાંથી ઊભા થઈ આંબલી નીચેના ઓટા પાસે આવ્યા. અહીં **હનુમાનજીની દેરી** છે. તેની પાસે વર્ણીએ આસન કર્યું.

વર્ણીપ્રભુની સૌમ્ય મુખાકૃતિ તથા કિશોરવય જોઈ બાવા બાલકદાસને નીલકંઠ વર્ણી પ્રત્યે પ્રેમ થયો. વર્ણીના ધ્યાન-તપ, યોગની કળા વગેરે નિત્યક્રમમાં તેને ભક્તિ દેખાણી. તેમની અયાચક વૃત્તિમાં વૈરાગ્યનો ભાવ બાવાજીએ જોયો. વર્ણીની એકાગ્ર દૃષ્ટિમાં તેણે મનનો અને ઈન્દ્રિયનો નિગ્રહ જોયો. તેથી તેણે નીલકંઠ વર્ણીને સીધું મોકલાવ્યું.

બીજે દિવસે એક વણિક સ્ત્રીએ રોટલો અને ઘી મોકલાવ્યાં. ત્રીજે દિવસે ફુલવણ બાવાની જગ્યાએથી સીધું આવ્યું. એકવખત વર્ણીએ મહંત પાસે પાણી માંગતા, કથામાં અગાઉ કરેલ પ્રશ્ન - જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના ભેદ બાબત પ્રશ્નથી નારાજ થયેલ મહંતે વર્ણીને મેણું મારતા કહ્યું : ''પ્રશ્ન તો બહુ મોટા પંડિત જેવા કરો છો, તો પાણી હાથથી કેમ પીતા નથી. આ સામે વાવ ભરી છે.'' વર્ણીપ્રભુએ હનુમાનજીની દેરી પાસે બેઠા બેઠા હસ્તકમળ લંબાવી વાવમાંથી તુંબડી ભરી પાણી લઈ સર્વે દેખતા જ જળપાન કર્યું. આવું ઐશ્વર્ય જોતાં ત્યાં હાજર રહેલા સર્વને વર્ણીરાજ **મોટા યોગી** છે તે સમજાયું અને મહંત બાવા બાલકદાસને પણ બાળસ્વરૂપ નીલકંઠ વર્ણીમાં **અપાર શક્તિ**નો ખ્યાલ આવ્યો.



મહંત બાવા બાલકદાસને જળંધરનો રોગ હતો. પેટની અંદર પાણી ભરાય અને રાત્રે નિદ્રા પણ આવતી ન હતી. દિવસે બેસવા પણ ન દે તેવા આ મહાભયંકર રોગથી પીડાતા મહંત 'હે રામ... હે રામ...' આ રીતે વારંવાર ભગવાનનું સ્મરણ કરતા હતા. તે સમયે નીલકંઠ વર્ણી જ્યારે મહંત 'હે રામ...' કહે ત્યારે હોંકારો આપતાં 'હં..હં..' ત્યારે મહંતે વર્ણીને પૂછ્યું : ''તમે રામ છો ?'' ત્યારે વર્ણીએ કહ્યું : ''હા, અમે રામ છીએ.''

''જો તમે રામ હો તો મારા આ રોગને મટાડો.'' મહંતે કહ્યું.

એ સમયે વર્ણીએ વાવમાંથી જળનું કમંડળ ભરીને પ્રસાદીરૂપે મહંત બાવાને આપીને કહ્યું : ''આ જળને પી જાવ. તમારો રોગ મટી જશે.'' મહંત બાવાને જળ પીવાથી તુરત જ પેટમાં શાંતિ થઈ અને દર્દ દૂર થયું.

આ રીતે નીલકંઠ વર્ણી મહુવા શહેરમાં ત્રણ દિવસ રોકાયા હતા. ચોથા દિવસે ચાલવાની તૈયારી કરતા હતા ત્યારે લક્ષ્મીનારાયણ મંદિર સામે ખાંચામાં રહેતા વણિક વૃદ્ધાએ વર્ણીને જમવા આગ્રહ કર્યો. વર્ણી એ ડોશીને રાજી કરવા રોટલો અને માખણ જમ્યા. પછી તે ડોશીને **આશીર્વાદ** આપ્યા.

નીલકંઠ વર્ણી મહુવામાં **ત્રણ દિવસ** રહ્યા. માલણ નદીના તટ ઉપર તલગાજરડાનો આરો છે અને જે બાવાના કોઠા નામે ઓળખાય છે, ત્યાં બે દિવસ સ્નાન કર્યું. યોગસાધના પણ કરી. આ રીતે માલણ નદીને પાવન કરી, મહુવા શહેરને તીર્થ બનાવ્યું.

**'નદી માળણ પાવન કરી, જોગસાધન ત્યાં કર્યું હરી;**
**મવાબંદરને મહારાજે, તીર્થરૂપ કર્યું જનકાજે.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૩ )

વર્ણીપ્રભુ મહુવાથી નીકળી ગામ **ડોળિયા** પધાર્યા. અહીં વિપ્ર વિઠ્ઠલને ત્યાં જઈ જમ્યા. વિપ્રે નીલકંઠ વર્ણીનું પૂજન-અર્ચન કર્યું. વર્ણીએ વિપ્રને અભય આપ્યું.

ડોળિયાથી નીકળી વર્ણીરાજ **પટવા** ગયા. પૂર્વ તરફના તળાવની બાજુમાં રોહણના ઝાડ નીચે બિરાજમાન થયા. કોઈએ તેમને જોયા નહિ, પણ રોહણના ઝાડે તેમને આશ્રય આપ્યો. સૌ કોઈના આશ્રયદાતાએ આજે રોહણના ઝાડ નીચે આશ્રય શોધ્યો ! ક્યાં અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ અને ક્યાં આ રોહણનું ઝાડ ! રોહણનું ઝાડ અક્ષરમુક્તની પંક્તિમાં બેસી ગયું.

થોડીવાર ત્યાં બેસી નીલકંઠ વર્ણી ત્યાંથી **ચાંચવા** પધાર્યા. અહીં પૂર્વમાં તળાવ છે. તેના પૂર્વ તટ ઉપર રૂખડાનું એક ઝાડ છે. તેની નીચે પોતે બે ઘડી બિરાજી તે ઝાડનું પણ જીવન ધન્ય બનાવી ત્યાંથી નીકળ્યા અને ગામ **ડુંગર** પધાર્યા.



## પીપાવાવમાં...

ડુંગરથી **પીપાવાવ**માં પીપાભક્તની જગ્યામાં પધાર્યા. આ તો ભક્તની જગ્યા, બાવાની નહિ; તેથી તરત જ સીધાની સામગ્રી નીલકંઠ વર્ણી પાસે આવી ગઈ ! વર્ણીન્દ્રએ રસોઈ બનાવી, બાલમુકુંદને નૈવેદ્ય ધરાવી પોતે અલ્પ જમ્યા. અહીં થોડો સમય રોકાઈને વિશેષ તીર્થત્વ કરીને ગામ **વાવેરા** પધાર્યા.

### પીપાવાવ ઇતિહાસ કથા :

રાજસ્થાનના વર્તમાન **ગાંગરોન** જિલ્લાના રજવાડાના રાજા **પીપારાવ મહારાજ** રાજ્ય કરતા હતા. 'પીપા પૂજે કોટકેરાળી...' એ પંક્તિ પ્રમાણે તેઓ કચ્છના કેરાકોટવાળી દેવીના ચુસ્ત ઉપાસક હતા. પરંતુ એક દિવસ 'સવા કળશી ખીચડો, ને સવા માણાની સેવ; પીપે મારી પાટુએ, તને દુઃખ લાગ્યું કાંઈ દેવ્ય...' એ પ્રચલિત લોકવાણી મુજબ દેવીને મોટું નૈવદ્ય જુવારવાના અવસર ઉપર પીપારાવ મહારાજને ભાન થયું કે આ દેવીથીયે ચડિયાતા દેવાધિદેવ પરમાત્મા આ જગત પર બેઠા છે. પોતાના સ્થાનકમાં પધરાવેલા તમામ દેવીફણાં (પૂતળાં) ઉપાડીને પીપારાવ મહારાજે ભારી બાંધી. પોતાની આઠેય રાણીઓને સાથે લઈને દ્વારિકાની યાત્રાએ નીકળ્યા.

દ્વારિકાધીશના દર્શન કરી પીપારાવ મહારાજે તેમની રાણીઓને કહ્યું : "મારે તો જંગલનો જોગ ધરવો છે."

ત્યારે રાણીઓએ કહ્યું : "અમે પણ સાથે આવીશું."

પછી પીપારાવ મહારાજે દરેક રાણી પાસે એક ધોળું વસ્ત્ર, તુલસીની માળા અને ગોપીચંદનનો કટકો ધરીને કહ્યું : "મારી સાથે આવવું હોય તો રાજશણગાર ઉતારીને આ ભેખના પરિધાન પહેરી લ્યો. નહીં તો સુખેથી પાછા જઈ રાજસાયબી માણો. કોઈને માથે મારું ધણી તરીકેનું બળજોર નથી."

પીપારાવ મહારાજની વાત સાંભળી સાત રાણીઓ તો પાછી ફરી ગઈ. આઠમાં અણમાનેતા ફક્ત એક સીતાદેવી રાણી પીપારાવ મહારાજની સાથે ચાલી નીસર્યા. 'પીપા સીતા રેન અપારા, ખરી ભક્તિ ખાંડા કી ધારા...' એમ સંસારની અઘોર કાળ-રાત્રિને ખરે પહોરે, પીપા-સીતાની બેલડી ખડગધાર જેવા ભક્તિપંથ પર પગલાં માંડતી ચાલી નીકળી.

પીપારાવ મહારાજ અને સીતાદેવી દ્વારિકાથી સમુદ્ર કિનારે ચાલતાં ચાલતાં ગાઢ જંગલોમાં ફંટાઈ ગયા. વિસ્તાર હતો વર્તમાન સમયનો રાજુલા-અમરેલીની આસપાસનો. અહીં માલધારીઓના અનેક નેસ હતાં. એકાદશીના દિવસે આ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે

આસપાસ ગાય-ભેંસ ચરાવતા ગોવાળિયા જોયા. સીતાદેવીએ એ લોકોને વિનંતિ કરી કે, અમારે આજે એકાદશીનું વ્રત હોવાથી જો ગાયનું થોડુંક દૂધ મળી જાય તો દિવસ પસાર થઈ જાય. માલધારીઓએ તેમની મશ્કરી કરવા એક વરોળ ગાય તરફ આંગળી ચીંધી અને કહ્યું : ''એનું જેટલું દૂધ આવે એ તમારું.'' ગાયને જોઈને સીતાદેવીને આ મશ્કરીનો ખ્યાલ આવ્યો. પીપાજી મહારાજના ઈશારે સીતાદેવીએ રણછોડજીનું નામ લઈને એક તુંબડામાં દૂધ દોહવાની તૈયારી કરી. ગોવાળિયાના આશ્ચર્ય વચ્ચે આખું તુંબડું ભરીને દૂધ દોહ્યું. ગોવાળો આ જોઈને આશ્ચર્યમાં પડી ગયા. પીપાજીએ તેમને પણ પ્રસાદી લેવા ક્યું. પાંદડાના દડિયામાં પીધેલા એ દૂધનો સ્વાદ અદ્‌ભુત હતો.

નેસના અન્ય લોકોને આ વાતની ખબર પડતાં તેઓ આદર-સત્કાર સહિત પીપાજી મહારાજ તથા સીતાદેવીને નેસમાં લઈ ગયા અને રોકાવાનો આગ્રહ કર્યો. પીપાજી થોડાક દિવસ ત્યાં જ રોકાયા. ત્યાંથી આગળની યાત્રા પ્રસ્થાન કરતા પહેલા તેમણે ધ્યાનનો પ્રયોગ કર્યો અને તેમાં તેમને રણછોડરાયજીએ નિર્દેશ આપ્યો કે, 'હું જ્યારે શ્રીકૃષ્ણ સ્વરૂપે અવતાર ધરીને આ લોકમાં પ્રગટ હતો ત્યારે આ ભૂમિમાં હું આવેલો છું.'

પીપાજીએ સવારે આ વાત તમામ નેસવાસીઓને કરી. નેસવાસીઓ પાસેથી તેમને ભગવાન શ્રીકૃષ્ણની અહીંની યાત્રા વિષેનો ઈતિહાસ જાણવા મળ્યો.

એકવખત પીપાજી અને સીતાદેવી યાત્રા કરતા કરતા બપોર ટાણું થયું ત્યારે રસ્તામાં એક ગામ આવ્યું. ગામમાં થોડા માણસો ચોરે બેઠા હતા. તે લોકોને 'રામ... રામ...' કહીને પીપાજીએ કહ્યું : ''આ ગામમાં કોઈ ભગતનું ઘર ખરું ? અમારે બપોરા કરવા છે.'' ત્યારે કોઈક બોલ્યું : ''છે ને ! ઢાંગર ભગતનું ઘર, ત્યાં જાઓ, તે બહુ મોટા ભગત છે.''

ઢાંગર ભગત સાચા પણ ઘરની હાલત પણ ભગતના ઘર જેવી જ. હાલ્લાં કુસ્તી કરે, ભગત અને તેમના પત્ની બે જ જીવ. પીપાભગત અને સીતાદેવી પૂછતાં પૂછતાં તેમના ઘરે આવ્યા. ''છે ભગત ઘરમાં ? રામ... રામ...'' ઢાંગર ભગત તો માળા કરતા ઊભા થયા ને કહે : ''આવો, આવો મારા બાપ ! મારે આંગણે ભગવાનના ભગત ક્યાંથી ?'' ઢાંગર ભગતે રાજી થઈ આવકાર આપ્યો. તૂટેલા વાણવાળો ખાટલો ઢાળ્યો. માથે ફાટેલી ગોદડી પાથરી ઉપર બેસાડ્યા.

''તમે ઢાંગર ભગત ?'' તો કહે : ''બાપા ! ભગત તો બધા ગામલોકો કહે છે, બાકી તો ભગવાનનું નામ લઉં છું.'' પીપાજી કહે : ''ભગત ! દ્વારિકાધીશની યાત્રાએથી આવીએ છીએ. થયું ગામમાં કોઈ ભગત હોય તો બપોરા કરીએ.'' ભગતે કહ્યું : ''ભલે પધાર્યા !'' ઢાંગર ભગતે વિચાર કર્યો કે, જમાડવાના છે તો હવે રોટલા કરવાના થશે. એમ વિચારી તેઓ ઘરના ઓરડાની અંદર જઈને પત્નીને કહે : ''બે અતિથિ છે. રસોઈ કરો, એમને ભાવથી જમાડીએ.'' પત્ની કહે : ''ઘરમાં કાંઈ નથી શું બનાવું ?'' ભગત કહે : ''અરે ! આજ આપણો અભ્યાગત ધર્મ લાજશે. એના કરતા વાણિયાની દુકાનેથી ઉધાર લઈ આવું. પછી પૈસા આપી દઈશું.'' ત્યારે પત્નીને કહ્યું : ''હવે કોઈ ઉધાર આપે તેમ નથી. અગાઉના હજુ બાકી છે. ઉધારી એટલી છે કે હવે કોઈ આપવા પણ તૈયાર નથી.''

ઢાંગર ભગતની આંખમાં આંસુ આવી ગયા કે આજ અતિથિ ભૂખ્યા જાય તો ? એ તો બનવા ન દેવાય. પત્નીના શરીર ઉપર અંગ ઢંકાય તેવી એક જ સાડી હતી. ઘરમાં અનાજ ભરવાની કોઠી સાવ ખાલી હતી. ભગતના પત્ની કોઠીમાં ઊતર્યા અને સાડી અંદરથી કાઢીને આપતા કહે : ''જાઓ, આ વેચી આવો અને જે પૈસા મળે એમાંથી લોટ લઈ આવો.'' તેથી ભગત સાડી લઈને ગયા. સાડી વેચવાથી જે પૈસા ઉપજ્યા એમાંથી લોટ લઈ આવ્યા અને પત્નીને લોટ ઘરમાં આપી દીધો.

થોડીવારમાં રસોઈ તૈયાર થઈ અને ઘરમાં પીપાભગત અને ઢાંગર ભગત ભજન કરતા હતા ત્યાં અંદરથી સાદ પડ્યો : ''રોટલા તૈયાર છે. જમવા પધારો.'' ત્યારે ઢાંગર ભગતે પીપાભગતને કહ્યું : ''ચાલો, વ્હાલા ! હાથપગ ધોઈ લો. જમવાનું તૈયાર છે.'' પીપાભગત અને સીતાદેવી હાથપગ ધોઈને જમવા બેઠા. થાળીમાં રોટલા મૂકીને ઢાંગર ભગતે કહ્યું : ''બાપ ! હરિહર કરો.'' એટલે પીપાજી કહે : ''એમ ન જમાય, આ તો પ્રસાદ છે. એ સાથે જ લેવાય. અમારા માને બોલાવો.'' ઢાંગર ભગત કહે : ''અમે બંને પછી જમીશું. તમે ચાલું કરો.'' પીપાજી કહે : ''નહિ.. નહિ... સાથે જ જમીએ.'' ભગતનો ખચકાટ પીપાજી પારખી ગયા. ઢાંગર ભગત ઝંખવાણા પડી ગયા અને હૈયું ભરાઈ આવ્યું. કંઈક ભેદ છે એમ સમજીને સીતાદેવીએ ઘરમાં આંટો મારી શોધ કરી. ઢાંગર ભગતના પત્ની દાણા ભરવાની ખાલી કોઠીમાં નિર્વસ્ત્ર બેઠા હતાં તે તેમણે જોયું.

તેમણે ભગતને પૂછ્યું : ''ભગત ! આનું શું કારણ ?''

ત્યારે ઢાંગર ભગત આંસુ લૂછતા લૂછતા કહે : ''આજ ઘરમાં કશુંય અનાજ નહોતું. એક પણ ઘરવખરી બાકી નહોતી રહી. મારા ઉંબરાની આબરુની રખેવાળી માટે મારી પત્નીએ પોતાના અંગ ઉપરનો સાડલો ઉતારી આપ્યો તે વેપારીને ત્યાં હાટડે મૂકીને હું લોટ લાવ્યો. પત્ની તરત નિર્વસ્ત્રમાં જ ઓરડો ઓઢીને રસોઈ કરીને તમને જમવા બોલાવ્યાં એટલે એ પોતાની

લાજ રાખવા કોઠીમાં ઊતરી છે.''

પછી પીપાભગતે પોતાની પછેડી વડે ઢાંગર ભગતના પત્નીને અંગ ઢંકાવ્યું. પીપાભગતે સીતાદેવીને ગુપ્ત મસલત કરતા કહ્યું : ''દેવી ! શું કરશું ?''

''મહારાજ ! કાલે રાત્રિએ અહીં નાચ-ગાન જલસો કરીએ. લોકો તે જોઈ જોઈને દ્રવ્ય દેશે.''

''પણ શી રીતનો જલસો ?!''

''હું રાજની દીકરી છું. પિયરમાં નૃત્યગીત શીખી છું. આપ ઢોલક બજાવજો. હું નાચીશ. ભજન કરવા બેસીશું તો ભજનિકને ભિક્ષા આપે એવું આ ગામ નથી લાગતું. પણ નાયકાને માથે લોક ન્યોછાવર થયા વિના નહિ રહે.''

સીતાદેવીના રૂપલાવણ્યની સામે તાકી રહ્યા : ''અહાહા ! આને મેં દુહાગણ કરીને ત્યજી હતી. આના દેહમાંથી આટલી બધી માધુરી નીતરી રહી છે એ મને ખબર જ ન રહી ! આ રૂપ ને આ કંઠ શું ભોગને સારુ નહોતા સર્જાયા ? મારી સીતા શું આજ રાત્રે આ ગરીબ યજમાન-પત્નીનો દેહ ઢાંકવા માટે નર્તકી બનશે !''

'હિન્દુસ્તાની નાચનારી આવી છે ! રૂપરૂપનો ભંડાર કોઈ રાજરમણી આવી છે, ભાઈઓ !' સાંજ સુધીમાં તો આ સમાચારે ગામને થનગનાવી મૂક્યું. ને રાતે એ લોકમેદનીને પોતાના પગના ઠમકા, હાથના લહેકા તેમજ હિલોળા લઈ રહેલ રૂપ અને સંગીતનું વશીકરણ છાંટીને સીતાદેવીએ યજમાન-પત્નીને છોળે છોળે કમાણી રળી દીધી.

પછી સાડી પાછી લઈ પીપાભગત-સીતાદેવી ઢાંગર ભગતને ઘેર જઈને કહે : ''લ્યો ! મારા માને કહો બહાર આવે.'' એ સાડી પહેરીને ઢાંગર ભગતના પત્ની બહાર આવ્યા. ચારેય જણાએ પ્રસાદ લીધો.

પીપાભગત અને સીતાદેવી જવા તૈયાર થયા ત્યારે ઢાંગર ભગત કહે : ''હવે અમેય તમારી સાથે જ પ્રભુભક્તિ કરીશું.'' પીપાભગત કહે : ''સાચું છે, બે થી ચાર ભલા.'' અને સંઘ ઉપડ્યો. ચારેય ચાલી નીકળ્યા.

ચાલતા ચાલતા સીતાદેવીને તરસ લાગી. આસપાસ જોયું તો ક્યાંય પાણી નહિ. આજુબાજુના વિસ્તારમાં તપાસ કરતા હતા એમાં એક સિંહ ડણક દેતો સામે દેખાયો. એને જોઈને પીપા ભગત કહે : ''આ રહ્યો મારો દ્વારિકાનાથ ! નરસિંહ રૂપ લઈને દર્શન આપે છે.'' સિંહની ડણકમાંથી પીપાભગતને સંદેશ સંભળાયો કે અહીં કંઈક યાત્રાળુઓ તરસ્યા જાય છે. કંઈક કરો. પછી ચારે જણાએ ત્યાં વાવ ખોદવાનું નક્કી કર્યું. બાજુના ગામમાં જઈને જરૂરી ચીજ-વસ્તુઓ લઈ આવ્યા. ઢાંગર ભગત ને પીપાભગત ખોદતા જાય ને બંનેની પત્નીઓ ઘમેલા ભરીને માટી કાઢતી જાય. એમ કરતા વાવ ખોદી અને મીઠું મધ જેવું પાણી નીકળ્યું.

પીપાભગતે ૬૦૦ વર્ષ પૂર્વે શ્રી રણછોડરાયજીના મંદિરનું નિર્માણકાર્ય કરાવ્યું હતું. અહીં દર વર્ષે ચૈત્રી પૂનમે અને ભાદરવી અમાસે મેળામાં હજારો શ્રદ્ધાળુઓ આવે છે.

આજે આ વાવ **'પીપાવાવ'** નામથી પ્રસિદ્ધ છે. આ વાવના નામ ઉપરથી ગામનું નામ પણ પીપાવાવ પડ્યું છે. અંગ્રેજોના સમયમાં દરિયાકિનારાની આ પટ્ટી પરના આસપાસના બંદરોના અંગ્રેજ નામકરણ થયાં. જેમ કે, પોર્ટ વિકટર, પણ **પીપાવાવ બંદર** તથા પીપાવાવ **શિપયાર્ડ** અને તેની ખ્યાતિ એ સર્વેને આંબી ગઈ એમાં ક્યાંક મૂળમાં પીપાભગતના **પરોપકાર-પુરુષાર્થ** જ હશે ને ! જેથી આજે પણ 'પીપાવાવ' તરીકે જ ઓળખાય છે. અહીંના વાતાવરણમાં હજુ પણ **પીપાવાણી**ના પડછંદા ઊઠે છે કે, **'પીપા ! પાપ ન કીજીએ, પુણ્ય કિયા સો બાર; કિસી કા લીયા નહિ તો દીયા બાર હજાર...'**

## વાવેરા, રાજુલા, વડગામ, રામપર, કોવૈયા વગેરે ગામોને તીર્થત્વ આપ્યું...

વાવેરામાં શિવમંદિરના ધાબા ઉપર બે રાત રહ્યા. નીલકંઠ વર્ણી વાવેરાથી નીકળી રાજુલા થઈ **વડગામ** પધાર્યા. ગામની ઉત્તર તરફ એક મશીદ છે, તેની બાજુમાં રાતવાસો કરી **રામપર** ગામ પધાર્યા. અહીં પૂર્વમાં એક ખીજડો જોઈ તેની નીચે બિરાજ્યા. તાડ જેવા ખીજડાને કોઈ ઘટા નહિ, કોઈ ફળફૂલ નહિ. તેની આ દરિદ્રતાથી દ્રવી જઈ નીલકંઠ વર્ણીએ તેનું કલ્યાણ કરવા તેને દૃષ્ટિમાં લીધો. પોતાના સંબંધથી, સ્પર્શથી તેને પાવન કર્યો. જાત-કજાત કે ગુણ-અવગુણ જોયા સિવાય નીલકંઠ વર્ણીએ તેમની આ ખેપમાં કલ્યાણની વાટ વહેતી મૂકી હતી. અક્ષરધામના અધિકારી બનવા જેટલી બ્રહ્મસ્થિતિ તો કોઈક જ સિદ્ધ કરી શકે, પરંતુ પોતાના સંબંધમાં જે જે જડ કે ચેતન આવે તે સૌ અક્ષરધામના અધિકારી થાય તેવો મોટો સંકલ્પ કરી નીલકંઠ વર્ણી પૃથ્વી ઉપર પ્રગટ થયા હતા.

ખીજડાને આ રીતે પાવન કરી વર્ણીરાજ ત્યાંથી પશ્ચિમ દિશામાં પધાર્યા. ત્યાં ઉંધમતિયા વોકળામાં સ્નાન કરી, ગામમાં થઈને નીલકંઠ વર્ણી ધાતરવડી નદીની પાસે ચાંચુડા શિવના મંદિરે જઈ ઊભા રહ્યા.

અહીં પોતે ચારેબાજુ દૃષ્ટિ કરી. દૂર તમરના ઝાડ પા સે જ રામાનંદ સ્વામીના ગુરુ આત્માનંદ સ્વામીના

પંચભૌતિક દેહનો ઉત્તરસંસ્કાર કર્યો હતો તે સ્થાન પાસે થોડો સમય ઊભા રહ્યા. રામાનંદ સ્વામીનો નીલકંઠ વર્ણીને હજુ મેળાપ થયો ન હતો ત્યારે તેમના ગુરુ આત્માનંદ સ્વામીનો તો પરિચય પણ કેમ હોય ? છતાં અંતર્યામીથી કાંઈએ અજાણ્યું ન હોય. આત્માનંદ સ્વામીએ દેહાંત સમયે પોતાના શિષ્યમંડળને રામાનંદ સ્વામીના આશ્રય નીચે રહેવાની ભલામણ કરી હતી. આ રીતે પોતાની મોક્ષપ્રદ ક્રીડાનું પટાંગણ - ઉદ્ધવ સંપ્રદાયનો આરંભ અને વિસ્તાર - આત્માનંદ સ્વામીના શુભ સંકલ્પથી થયો તે હકીકત લક્ષમાં રાખી, નીલકંઠ વર્ણી અહીં આત્માનંદ સ્વામીને તેમના શુભ કાર્ય માટે અંજલિ આપવા પધાર્યા હતા. સૌરાષ્ટ્રમાં બાબરિયાવાડને એક ખૂણે, દષ્ટિગોચર પણ ન થાય એવું આ નાનકડું રામપરા ગામ નીલકંઠ મહાપ્રભુના લક્ષમાં હતું. તેઓની કલ્યાણકારી પદયાત્રાની યોજનામાં આવા અનેક લક્ષો હતાં.

ધાતરવડી નદી ઊતરીને વર્ણીરાજ **કોવૈયા** ગામે પધાર્યા. અહીં સાગરતટે આદિવારાહજી ભગવાનનું મંદિર છે. ત્યાં વારાહજીની મૂર્તિના દર્શન કરી, મંદિરમાં જ રાત રહ્યા. સવારમાં ઊઠીને નીલકંઠ વર્ણી ચાલી નીકળ્યા અને ગામ ગાંગડે પહોંચી ગયા. અહીં વડ નીચે ઊતર્યા. બાજુના કૂવામાંથી પાણી લઈ પીધું અને ત્યાંથી નીકળી **સામતેર** (સામતેજ) પધાર્યા. શ્યામકુંડમાં સ્નાન, નિત્યવિધિથી પરવારી સીધા **સીમર** પધાર્યા.

## સીમર ગામના લોભી વણિકનું કલ્યાણ કરતા નીલકંઠ વર્ણી...

ગામની દક્ષિણે **સૂર્યકુંડ** છે તેમાં સ્નાન કર્યું અને પછી બાજુની **ધર્મશાળા**માં રાત રહ્યા. સવારમાં એક વણિક શેઠે નીલકંઠ વર્ણીના દર્શન કર્યા. તે ઘણો જ લોભી હતો. શરીર પર ફાટેલા ગંદા વસ્ત્રો, જર્જરિત પાઘડી, ઉઘાડા પગ, કાળું ડીબાંગ શરીર, વાંકી કઢંગી કમર, અકાળે ઘરડા લાગતા, ઊંડી ઉતરી ગયેલી આંખોવાળા આ શેઠના ચહેરા પર કરચલીઓના ઝાળાં બાઝેલાં. ગાલ અંદર પેસી ગયેલા ને હાડકાં બહાર ઊપસી આવેલાં. જોનારની આંખમાં એ કણા જેમ ખૂંચતા. અઢળક દોલત અને ગળાટૂંપ ગરીબી એના ઘેર માજણ્યાં સંતાનો જેમ આસાનીથી રહેતા હતાં!

આવા લોભીનું વર્ણન કરતાં પ.પૂ ધ.ધુ. આચાર્યપ્રવર શ્રી **વિહારીલાલજી મહારાજશ્રી** શ્રીહરિલીલામૃત ગ્રંથમાં લખે છે :

**'લોભી પુરું પેટ ભરી ન ખાય, લોભી થકી પુણ્ય નહીં કરાય;**
**માંદો પડ્યાથી કદી જીવ જાય, પૈસો નહીં ઓસડનો અપાય.**
**લોભી કને જો બહુ દ્રવ્ય હોય, ફરે જ થૈને અતિ રાંક તોય;**
**ચિંતા ધરે તે નિજમૃત્યુ કાળે, રખે ચિતામાં બહુ કાષ્ઠ બાળે.**
**લોભી ન જાણે મન પુણ્ય પાપ, જાણે મહિમા ધનનો અમાપ;**
**માંખી તણો સંગ્રહ જેમ જાય, લોભી તણું દ્રવ્ય પછી લુંટાય.**
**લોભી ન રાખે દિલમાં દયાય, તે ક્રોધી કામી સરખો ગણાય;**
**છે પાપનું મૂળ સદૈવ લોભ, છે છાપરું ધારક જેમ મોભ.**
**લોભી તણું દ્રવ્ય કુમાર્ગ જાય, ચૌરાગ્નિ કે ભૂપ કચેરી ખાય;**
**માતા પિતાને નહિ લોભી પાળે, લોભી પ્રજાનું પણ પેટ બાળે.**
**જોગી જતીને જન લોભી સેવે, જાણે મને તે જડી બુટ્ટી દેવે;**
**જ્યાં લોભીયા લોક વસે ઘણાય, ત્યાં ધૂર્તકેરું ગુજરાન થાય.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૩)

ઘર ભર્યું-ભાદર્યું હોવા છતાં અંતરમાં રહેલી ધન મેળવવાની ઊંડી અભીપ્સા શેઠને અંદર-બહાર કોરી ખાતી. સુખે એ નિદ્રા પણ લઈ શકતા નહિ. ગામ-ગોંદરે, ચોરે-ચૌટે, ધર્મશાળા કે તળાવપાળે એમની નજર ટહેલતી રહેતી; ધનની જડીબુટ્ટી ધરાવતા જોગી-જતિને મેળવવા ! અને એમની આંખોએ આજે નીલકંઠ વર્ણીને નિહાળી બેહદ ધન્યતા અનુભવી.

**'મહાલોભી તે એવો વણિક, તેણે જાણ્યું જે જોગી છે ઠીક;**
**સોળે ચિહ્ન નિહાળ્યાં છે પગમાં, તેથી જાણ્યું આવા નથી જગમાં.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૩)

વણિક લોભીએ નીલકંઠ વર્ણીના ચરણોમાં **સોળ ચિહ્ન** જોયા. તેને જાણવા મળેલું તે પ્રમાણે તેને લાગ્યું કે આ કોઈ ચમત્કારિક મોટા જોગી છે. તેના અંતરમાં લોભ જાગ્યો. તેણે વિચાર કર્યો કે, આ વર્ણી જમે, પ્રસન્ન થાય તો અઢળક ધન મળી જાય. આવા વિચારથી તેણે હાથ જોડી વર્ણીને પોતાને ઘેર જમવાનું આમંત્રણ આપ્યું. આ આમંત્રણની પાછળ રહેલી તેની લોભવૃત્તિ અંતર્યામી મહાપ્રભુ નીલકંઠ વર્ણીથી અજાણ ન હતી. છતાં તેનું કલ્યાણ કરવું એ ભાવનાથી વર્ણીએ તેનું આમંત્રણ સ્વીકાર્યું અને તેને ઘેર પધાર્યા.

વણિકે બ્રાહ્મણ પાસે દૂધપાક-પૂરીની સુંદર રસોઈ કરાવી, પણ તેમાં ભાવના ફળની હતી. વર્ણીપ્રભુએ બાલમુકુંદને નૈવેદ્ય ધરાવ્યું. પોતે પ્રસાદ-અન્ન જમ્યા અને વણિકને તે પ્રસાદી આપી. વર્ણી જમીને ધર્મશાળામાં ગયા. ત્યાં રાત રહીને વહેલી સવારે નીકળ્યા. વણિક રાહ જોઈ બહાર ઊભો જ હતો. તેથી તે વર્ણીને વળાવવાને બહાને વર્ણીની પાછળ ચાલવા લાગ્યો. એક ગાઉ ચાલ્યા પછી વણિકને પાછળ આવતો જોઈ વર્ણીએ તેને કહ્યું : ''તમે હવે પાછા વળો. અમારી બહુ સેવા કરી.''

વણિકે તરત જ કહ્યું : 'મુજને અગણિત ધન આપો, દયાળુ મુજ દારિદ્ર કાપો; મોટા જાણી કરી છે મેં સેવા, નથી જોગી બીજા તમ જેવા.' ''મહારાજ ! મેં સેવા કરી છે પણ ફળની ઈચ્છાથી



કરી છે. ધનની મને ઘણી જ ધાંખના છે. માટે મને પુષ્કળ ધન મળે તેવા આશિષ આપો.''

વર્ણીપ્રભુએ તેને કહ્યું : ''અમે ધનનું વરદાન આપતા નથી, પણ તમને અભયદાન આપું છું અને અંતે મારા ધામમાં લઈ જઈશ. ધનમાં તો કંઈ જ માલ નથી.''

વણિકને નીલકંઠ વર્ણીએ ઘણું સમજાવ્યો. પરંતુ એમ માની જાય એવો આ લોભી વાણિયો ન હતો. આ વણિક તો મૂર્તિમંત લોભનું સ્વરૂપ હતો. લોભના પૂરા લક્ષણવાળો આ વણિક વર્ણીરાજની વાત સાંભળ્યા વિના દ્રવ્યના જ ગુણગાન ગાવા લાગ્યો :

**'જેને ઘણું દ્રવ્ય કુલીન એહ, ડાહ્યા તથા સર્વ ગુણજ્ઞ તેહ;**
**તેને જ સૌ કો નમવા ધસે છે, સર્વે ગુણો કાંચનમાં વસે છે.**
**વિદેશ જાશે જન દ્રવ્ય માટે, માથું કપાવે વળી વિત્ત માટે;**
**ઊંડે સમુદ્રે જઈને પડે છે, જાણે અહિં મોતી મને જડે છે.**
**વિદ્યા તણી તો ન રસોઈ થાય, ગુણો તણાં શું બચકાં ભરાય ?**
**કીર્તિ સુણી ભૂખ કદી ન જાય, સર્વોપરી તો ધન છે સદાય.**
**જો માનતા દેવ તણી કરે છે, રોગાદિ પીડા જનની હરે છે;**
**દેવો રીઝે છે બહુ દ્રવ્યદાને, છે દ્રવ્ય તો દુર્લભ દેવતાને.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૨૩)

અરે ! વર્ણીરાજ ! કંઈ ન હતું ત્યારે જશોદાના કુંવરને સૌ 'કાનુડો' કહેતા ને એને જ દ્વારિકાની અઢળક સંપત્તિ મળતાં સૌ 'રણછોડરાય' કહેવા માંડ્યા : 'લક્ષ્મી વિના જગતમાં જન હોય જ્યારે, બોલાવશે જન બધા મુખથી તુંકારે; જે કાનુડો વ્રજ વિષે મહી ચોરી ખાય, લક્ષ્મી મળ્યા થકી થયા રણછોડરાય.'

અત્યાર સુધી લોભી વણિકને શાંતચિત્તે સાંભળી રહેલા મહાપ્રભુ **નીલકંઠ વર્ણીએ** કહ્યું : '...દ્રવ્ય ઘણું નઠારું, કુબુદ્ધિ ને કલેશ વધારનારું...' ''શેઠ ! તમે દ્રવ્યમાં ઘણો માલ માનો છો, પરંતુ અંતે તો તે દુઃખરૂપ જ છે. સંપત્તિને લીધે જ ઝઘડો અને કલેશ થાય છે. વધુ ધનવાળાને ભય પણ ઘણો રહે છે. સાચી સુખ-શાંતિ માટે ભર્તૃહરિ ને ગોપીચંદ જેવા રાજાઓ પણ બધું ત્યાગીને તપ અને ભજનમાં લાગી ગયા હતા. ગમે તેટલું ધન ભેગું કર્યું હોય પણ અંતે તે સાથે આવવાનું નથી. એ બધું મૂકીને જવાનું છે. પાપ-પુણ્ય અને ભગવાનની ભક્તિ કરી હશે એ જ સાથે આવશે. માટે તમે લક્ષ્મીની આશા છોડી પ્રભુના ચરણારવિંદમાં પ્રીતિ રાખો તો તમારો જન્મારો સુધરી જશે.''

**'સુણી બોલિયો વાણિયો વાણી, દ્રવ્ય આપો**
**મને દયા આણી; મોટા જાણી જમાડ્યા મેં**
**તમને, કરો નાથ અનુગ્રહ અમને.**
**બોલ્યા સુંદરશ્યામ વચન, બહુ છે ધન માંહી બંધન;**
**તોય છે અતિ ઈચ્છા તમારી, માટે સાંભળો વાણી અમારી.**
**દ્રવ્ય જેટલું જોગ્ય જણાશે, તેટલું તમને પ્રાપ્ત થાશે;**
**એવી આશીષ સાંભળી લઈને, ગયો વણિક તે રાજી થઈને.'**


(શ્રીહરિલીલામૃત : ૩/૨૩)

વર્ણીપ્રભુએ વણિકને ઉપદેશ આપ્યો. તેમ છતાં જ્યારે વાણિયામાં કંઈ પરિવર્તન ન આવ્યું અને તેણે માગણી ચાલુ રાખી ત્યારે નીલકંઠ વર્ણીએ દયા કરીને તેને 'જરૂર પૂરતું દ્રવ્ય મળી રહેશે' એવા આશિષ આપ્યા. વાણિયાને તો એ જ જોઈતું હતું. એ તો રાજી થતો થતો ચાલ્યો ગયો.

પ્રત્યક્ષ સર્વોપરી ભગવાન મળ્યા અને તેમણે વણિકને સદ્‌ઉપદેશ આપ્યો છતાં આ અભાગી જીવને જગતના પદાર્થોનો એવો મોહ અને લોભ હોય છે કે તે આવા સુયોગનો પણ લાભ લઈ શકતો નથી.

આમ, નીલકંઠ વર્ણી સ્વરૂપે સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** મહુવા તેમજ મહુવા-ભાવનગર વિસ્તારની આસપાસના કુકડ, દિયોર, લાકડિયા, પીપરલા, તળાજા, ગોપનાથ, ઝાંઝમેર, કળસાર, કતપર, મહુવા, ડોળિયા, પટવા, ચાંચવા, પીપાવાવ, વાવેરા, રાજુલા, વડગામ, રામપર, કોવૈયા, સામતેર અને સીમર વગેરે અનેકસ્થળોએ **વિચરણ** કરી મુમુક્ષુ જીવાત્માઓને ધર્મોપદેશ કરી કલ્યાણ કર્યું. ભગવાન શ્રીહરિની આ અલૌકિક **કૃપા મહુવા-ભાવનગર** વિસ્તારના ભક્તો ઉપર સદાય વરસતી રહી છે.

**ક્રમશઃ વધુ આવતા અંકે તીર્થધામ**
**મહુવા ઐતિહાસિક દર્શન...**



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

## ભવ્ય શાકોત્સવ ડભોઈ





વડતાલ પ્રદેશના ડભોઈ (જી. વડોદરા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.

## મૂર્તિ પ્રતિષ્ઠા છાલીયેર





વડતાલ પ્રદેશના છાલીયેર(વડોદરા)ના આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ.

## વાર્ષિક પાટોત્સવ પાળજ






વડતાલ પ્રદેશના પાળજ (તા. પેટલાદ) ગામને આંગણે હરિમંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.

## સરધાર










સરધારધામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે મંદિર છાત્રાલયમાં વિના મૂલ્યે રહીને અભ્યાસ કરતા કોલેજીયન વિદ્યાર્થીઓની મુલાકાત લેતા શ્રી વિશ્રામભાઈ (વિજય કન્ટ્રકશન - સિસલ્સ) તથા જે.બી. સોલંકી.

## એકાદશી મહોત્સવ યોગીચોક-સુરત





યોગીચોક-સુરત ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ભગવાન શ્રીહરિના દિવ્ય સાન્નિધ્યમાં દર એકાદશી નિમિત્તે યોજાયેલ ઠાકોરજીનો અભિષેક તથા જનમંગલપૂજન અર્ચન.

## સત્સંગ સભા સિમાડા-સુરત





સિમાડા-સુરતને આંગણે સિલિકોન સોસાયટીમાં રાત્રિ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## સત્સંગ સભા વલસાડ






વલસાડ શહેરને આંગણે રાત્રિ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## ભવ્ય શાકોત્સવ ધ્રાફા





જૂનાગઢ પ્રદેશના ધ્રાફા (જી. જામનગર) ગામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં સત્સંગનો લાભ આપતા પૂ. સ્વામી.

## કથાપારાયણ ડોડીયાળા





જૂનાગઢ પ્રદેશના ડોડીયાળા (તા. ગોંડલ)ને આંગણે પૂ. પૂર્ણસ્વરૂપદાસજી સ્વામીના વક્તાપદે યોજાયલે પુરુષોત્તમ પ્રકાશ પારાયણ પ્રસંગે કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## ભવ્ય શાકોત્સવ ખીજડીયા (જંકશન)





ગઢડા પ્રદેશના ખીજડીયા (જંકશન) ગામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ ભવ્ય શાકોત્સવમાં સત્સંગનો લાભ આપતા પૂ. સ્વામી.





શિકાગો-અમેરિકા ખાતે શ્રી સ્વા. મંદિર વ્હીલીંગને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ઉજવાયેલ ભવ્ય શાકોત્સવમાં સત્સંગનો લાભ આપતા સરધારનિવાસી પૂ. જ્ઞાન સ્વામી તથા પૂ. વ્યાપક સ્વામી.





વડતાલ પ્રદેશના ખાખરીયા (જી. વડોદરા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં યોજાયેલ ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.







વડતાલ પ્રદેશના દેથલી (તા. માતર)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં ઉજવાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો 'પંચાબ્દી મહોત્સવ' તથા શ્રી પુરુષોત્તમ કથાપારાયણ.






વડતાલ પ્રદેશના પીપળાવ (તા. પેટલાદ) ગામને આંગણે હરિમંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ. લાલજી મહારાજશ્રી.






જામનગર શહેરને આંગણે યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.










જૂનાગઢધામને આંગણેપ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં યોજાયેલ દ્વિદિવસીય 'આંતરરાષ્ટ્રીય સંસ્કૃત સંમેલન'


## સત્સંગ સભા કલમ








વડતાલ પ્રદેશના કલમ (તા.ભરુત) ગામને આંગણે શ્રીરામજી મંદિરના જીર્ણોદ્ધાર નિમિત્તે યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો આપતા પૂ. સ્વામી

## સરધાર









સરધારધામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી મંદિર છાત્રાલયમાં અભ્યાસ કરતા કોલેજીયન વિદ્યાર્થીઓની મુલાકાતે અને મંદિરના દર્શને પધારતા સુપ્રસિદ્ધ શિવ કથાકાર પૂ. ગીરીબાપુનું તેમના જન્મદિવસે પ્રસંગે સ્વાગત-પૂજન કરતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.

## વાર્ષિક પાટોત્સવ ભાદરવા





વડતાલ પ્રદેશના ભાદરવા (જી. વડોદરા) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. મોટાબહેનશ્રી (બચુબા)ના દિવ્ય સાન્નિધ્યમાં હરિમંદિરનો વાર્ષિક પાટોત્સવ તથા સત્સંગ સભા.

## યુવા ઉત્કર્ષ મહોત્સવ ભરુચ



















ઝાડેશ્વર-ભરુચ ખાતે શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ પ.પૂ. ભાવિઆચાર્ય લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં તથા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ 'યુવા ઉત્કર્ષ મહોત્સવ' પ્રસંગે શ્રી લક્ષ્મીનારાયણ યુવક મંડળો દ્વારા અલગ-અલગ પ્રેરણાત્મક ફ્લોટ્સ

## નૂતન હરિમંદિર ખાતમુહૂર્ત - સારીંગ





વડતાલ પ્રદેશના સારીંગ (ભરુચ)ને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે યોજાયેલ નૂતન હરિમંદિરનો ખાતમુહૂર્તવિધિ.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

**પધારો સરધાર** વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **પધારો સરધાર**

**'શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર'** આયોજીત **૧૩**મો



# શ્રી સ્વામિનારાયણ યુવા મહોત્સવ

## સરધાર - 2017

**તારીખ : ૦૯ થી ૧૧ - ૪ - ૨૦૧૭**



**અધ્યક્ષશ્રી**
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય
**શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**



**ઉપાધ્યક્ષશ્રી**
પ.પૂ. ૧૦૮શ્રી ભાવિ આચાર્ય
**શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

**-: પ્રયોજક :-**
**પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી.-રાજકોટ સંપર્ક : મો. ૭૬૦૦૦૫૮૫૦૩**

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

વડતાલ **શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીસ્થાન** અંતર્ગત
કાનમ પ્રદેશ સમસ્ત સત્સંગ સમાજ દ્વારા આયોજીત **વડોદરા** શહેરને આંગણે

# શ્રી સ્વામિનારાયણ મહોત્સવ

અંતર્ગત

# શ્રીમદ્ સત્સંગિજીવન

## કથા પારાયણ

| :: કથા પ્રારંભ :: | :: કથા પૂર્ણાહૂતિ :: |
|---|---|
| ૧૭ - ૫ - ૨૦૧૭ | ૨૫ - ૫ - ૨૦૧૭ |
| વૈશાખ વદ - ૬ | વૈશાખ વદ - ૩૦ |

**॥ અધ્યક્ષશ્રી ॥**
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
**શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

**॥ ઉપાધ્યક્ષશ્રી ॥**
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
**શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

**:: વક્તા ::**
**પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

**કથા સમય :- બપોરે ૩.૦૦ થી ૬.૦૦, રાત્રે ૮.૩૦ થી ૧૧.૦૦**

**॥ સન્માનનીય મહાનુભાવશ્રીઓ ॥**

- કીર્તન સંગીત રત્નાકર — **શ્રી વિનોદ પટેલ**
- લોકસાહિત્ય રત્નાકર — **શ્રી જીતુદાદ ગઢવી**
- સંતવાણી રત્નાકર — **શ્રી ઓસમાણ મીર**
- હાસ્ય રત્નાકર — **શ્રી ઘનશ્યામ લાખાણી**
- હાસ્યકવિ રત્નાકર — **શ્રી સાંઈરામ દવે**

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા આયોજીત
કીર્તન સંગીત - લોકસહિત્ય - સંતવાણી - હાસ્ય
તથા ગૌરવવંતા ગુજરાતની સામાજીક પ્રતિભાઓનો ચતુર્થ

## રત્નાકર સન્માન સમારોહ

***** 2017 *****

**તારીખ :-૨૦-૫-૨૦૧૭, શનિવાર**
**સમય :- રાત્રે ૮ થી ૧૧**

કાર્યક્રમ સંચાલન : **શ્રી હરદેવ આહિર (લોકસાહિત્ય તથા હાસ્ય કલાકાર)**

**એવોર્ડ પ્રદાન :-** કીર્તનસંગીત, લોકસાહિત્ય, સંતવાણી અને હાસ્ય તથા સામાજિક ક્ષેત્રે અમૂલ્ય પ્રદાન કરનાર મહાનુભાવ પ્રતિભાઓનું 'રત્નાકર' એવોર્ડથી **પ.પૂ. લાલજી મહારાજશ્રી**, તથા **વૈષ્ણવાચાર્ય પ.પૂ. ૧૦૮ ગોસ્વામી શ્રી વ્રજરાયજી મહારાજશ્રી** તથા આમંત્રિત મહાનુભાવ સંતો-મહંતોના વરદ્ હસ્તે સન્માનિત કરવામાં આવશે.

हमारा लक्ष्य
विश्व का कल्याण हो...
www.lakshya.tv

**મહોત્સવ સ્થળ :- લેપ્રસી ગ્રાઉન્ડ, સરદાર એસ્ટેટ, આજવા રોડ, વડોદરા**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ

# નૂતન હરિમંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવોની તિથિ તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | પ્રતિષ્ઠા તિથિ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨૭-૪-૨૦૧૭ થી<br>૩-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧ થી<br>વૈશાખ સુદ - ૮ | વૈશાખ સુદ - ૫<br>તા. ૩૦-૪-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર - નાળિયેલી મોલી**, તા. ઉના, જી. જૂનાગઢ<br>સંપર્ક :- મો. ૯૮૭૯૦૬૫૯૩૦, ૯૭૧૨૪૭૧૫૨૩ |
| ૨. | ૨૭-૪-૨૦૧૭ થી<br>૧-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧ થી<br>વૈશાખ સુદ - ૬ | વૈશાખ સુદ - ૬<br>તા. ૧-૫-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર**, ઘેટી દરવાજા, **પાલીતાણા**, જી. ભાવનગર<br>સંપર્ક :- મો. ૯૪૨૬૩૪૩૮૮૩, ૯૭૨૫૦૨૩૨૬૫ |
| ૩. | ૩-૫-૨૦૧૭ થી<br>૭-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૬ થી<br>વૈશાખ સુદ - ૧૨ | વૈશાખ સુદ - ૧૨<br>તા. ૭-૫-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર, કોટડા સાંગાણી**, જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૬૩૩, ૯૮૨૫૪૧૬૯૯૮ |
| ૪. | ૧-૫-૨૦૧૭ થી<br>૭-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૬ થી<br>વૈશાખ સુદ - ૧૨ | વૈશાખ સુદ - ૧૨<br>તા. ૭-૫-૨૦૧૭ | મુ. **શ્રી સ્વા. મંદિર, કોટડા પીઠા**, તા. બાબરા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૯૦૯૭૮૫૫૮૭ |
| ૫. | ૬-૫-૨૦૧૭ થી<br>૧૦-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૧૩ થી<br>વૈશાખ સુદ - ૧૫ | વૈશાખ સુદ - ૧૩<br>તા. ૮-૫-૨૦૧૭ | મુ. **ચાંપરડા**, તા. વિસાવદર, જી. જૂનાગઢ<br>સંપર્ક :- મો. ૯૪૨૮૭૭૬૩૪૯, ૯૭૧૪૩૯૩૦૨૫ |
| ૬. | ૪-૫-૨૦૧૭ થી<br>૮-૫-૨૦૧૭ | વૈશાખ સુદ - ૯ થી<br>વૈશાખ સુદ - ૧૩ | વૈશાખ સુદ - ૧૩<br>તા. ૮-૫-૨૦૧૭ | મુ. **પ્રેમપરા**, તા. વિસાવદર, જી. જૂનાગઢ<br>સંપર્ક :- મો. ૯૫૩૭૦૧૨૦૭૪, ૯૫૩૭૮૩૪૩૩૫ |

# કથાપારાયણ - મહોત્સવોની તિથિ તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | પ્રતિષ્ઠા તિથિ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨-૪-૨૦૧૭ થી<br>૮-૪-૨૦૧૭ | ચૈત્ર સુદ - ૬ થી<br>ચૈત્ર સુદ - ૧૨ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | મુ. **શ્રી સ્વા. મંદિર - આખા**, તા. માણાવદર, જી. જૂનાગઢ<br>સંપર્ક :- મો. ૯૯૭૯૫૨૨૫૧૧ |
| ૨. | ૧૨-૪-૨૦૧૭ થી<br>૧૮-૪-૨૦૧૭ | ચૈત્ર વદ - ૧ થી<br>ચૈત્ર વદ - ૭ | શ્રીમદ્ ભાગવત<br>કથા મહોત્સવ | **'નૂતન શ્રી સ્વા. મુખ્ય મંદિરનું મેદાન' મહુવા**<br>સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૬૨૨/૩૫ |
| ૩. | ૧૧-૫-૨૦૧૭ થી<br>૧૭-૫-૨૦૧૭ | વૈશાખ વદ - ૧ થી<br>વૈશાખ વદ - ૬ | શ્રીમદ્ સત્સંગિજીવન<br>કથા મહોત્સવ | મુ. **બરફટાણા**, તા. રાજુલા, જી. અમરેલી.<br>સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૬૩૧ |
| ૪. | ૧૭-૫-૨૦૧૭ થી<br>૨૫-૫-૨૦૧૭ | વૈશાખ વદ - ૬ થી<br>વૈશાખ વદ - ૩૦ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | **લેપ્રસી ગ્રાઉન્ડ, સરદાર એસ્ટેટ, આજવા રોડ, વડોદરા.**<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૯૨૫૧૪૧૦૦૮ |
| ૫. | ૨૦-૫-૨૦૧૭ | વૈશાખ વદ - ૯ | રત્નાકર મહોત્સવ | **મું. વડોદરા.** સંપર્ક :- મો. ૯૮૨૫૯૧૯૯૯૦ |

## સ્વામિનારાયણ ચિંતન માસિક પ્રકાશન માલિકી અંગેની માહિતી (Form - 8)


૧. પ્રકાશન સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
૨. પ્રકાશન સમય : માસિક - દર મહિનાની ૨૦મી તારીખે
૩. મુદ્રકનું નામ : શ્રીજી આર્ટ
રાષ્ટ્રીયતા : હિન્દી
સરનામું : આશ્રમ રોડ, પાલડી - અમદાવાદ
૪. તંત્રીનું નામ : સાધુ પતિતપાવનદાસજી
રાષ્ટ્રીયતા : હિન્દી
સરનામું : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

૫. માલિક : સાધુ પતિતપાવનદાસજી
રાષ્ટ્રીયતા : હિન્દી
સરનામું : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

હું સાધુ પતિતપાવનદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી :** સાધુ પતિતપાવનદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર










વડતાલ પ્રદેશના સમની (તા. આમોદ) ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનો ઉજવાયેલ 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૮ થી ૧૩-૩-૨૦૧૭)












જૂનાગઢ પ્રદેશના ભગવાન શ્રીહરિના ચરણઅંકિત ભૂમિ માળીયા-હાટીના ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ.લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયેલ દ્વિતીય 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨૮ થી ૬-૩-૨૦૧૭)

Swaminarayan Chintan, March-2017 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2017_RNI No. GUJGUJ-2013/47868

॥ श्री स्वामिनारायणो विज्यतेतराम् ॥

ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું નૂતન

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - મહુવાના પટાગંણમાં

પધારો મહુવા

# સત્સંગ અભ્યુદય મહોત્સવ

• અંતર્ગત •

## શ્રીમદ્ ભાગવત કથા પારાયણ

૧૫૧ સંહિતાપોથી પારાયણ



શ્રી ઘનશ્યામ મહારાજ - મહુવા



: અધ્યક્ષ :

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



: ઉપાધ્યક્ષ :

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

-: દીપ પ્રાગટ્ય :-

તા.૧૨-૪-૨૦૧૭, સાંજે ૫:૦૦ કલાકે પૂ. શ્રી મોરારી બાપુના વરદ્ હસ્તે

: પ્રારંભ :
૧૨-૪-૨૦૧૭

: પૂર્ણાહુતિ :
૧૮-૪-૨૦૧૭

પ્રયોજક/વક્તા

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

સંપર્ક : કોઠારી સાગર ભગત - મો. ૯૦૯૯૯૯૯૬૨૨,
પાર્ષદ જનમંગલ ભગત - મો. ૯૦૯૯૯૯૯૬૩૫

LIVE
हमारा लक्ष्य .tv
www.lakshya.tv

સ્થળ : નૂતન શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર
ડી.વાય.એસ.પી. ઓફિસની સામે, ગાયત્રી સોસાયટીની બાજુમાં, મહુવા

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007